

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૩
અંક ૬ ઠ્ઠો

પોષ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


૧. જાગો જોગી ... ... ... ... ... ... ... ( પાદરાકર ) ૮૧
૨. સંતોની રાત્રિ ... ... ... ... ( શ્રી બાલચંદ હીરાચંદ ' સાહિત્યચંદ્ર ' ) ૮૨
૩. નંદિષેણ મુનિ ... ... ... ... ... ( મુનિ લક્ષ્મીસાગરજી ) ૮૩
૪. કૌશામ્બીની રાણી મૃગાવતી : ... ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૮૫
૫. સમતા ... ... ... ... ... ( અમરચંદ માવજી શાહ ) ૮૮
૬. પાલ્હનપુર અને પહ્લવિહાર કયારે અને કોણે સ્થાપ્યાં ? ... ... ( વૈદ્ય વિશ્વબંધુ ) ૯૧
૭. શ્રી નવપદજીનું પ્રાચીન ચૈત્યવંદન–સાથ ... ( પં. શ્રી રામવિજયજી ગણિ ) ૯૪
૮. આનંદપ્રાપ્તિના માર્ગો ... ... ... ... ( અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ ) ૯૫
૯. વર્તમાન–સમાચાર ... ... ... ... ... ... ... ૯૬
૧૦. સ્વીકાર–સમાલોચના ... ... ... ... ... ... ... ટા.પે.૩
૧૧ જ્ઞાની અને અજ્ઞાની ... ... ... ... ... ... ... ટા. પે.૪


---


**ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂ. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય–અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂ. ૪–૮–૦ પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી સિલિકે રહી છે.

---

### નમ્ર સૂચના.

**બૃહત્કલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, ખપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨–૩–૪–૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યાં છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨–૩–૪–૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા ( પોસ્ટેજ જુદું ). કમીશન ટકા ૧૨ા.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ પોષ પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ અંક ૬ ઠ્ઠો

## જાગો જોગી

( પ્રભાતીયું )

જાગો જોગી અલખ સ્વરૂપી, [1]ભોર ભયા મત સોના રે !
બીત ગઇ અજ્ઞાન [2]રયણુ, અબ જ્ઞાનજળે મુખ ધોના રે ! જાગો૦

[3]તીરીયા સુમતિ, પરિવાર સબ, ગુણુ-પર્યાય તમારા રે !
નય-નિક્ષેપ સુમિત્ત-શાંતિ ઓર સમતા ભગિની સુ-ધારા રે ! જાગો૦

હીલમિલ સબ તુમ દર્શન આયે, તુમ તો આતમ રાયા રે !
તુમ મુખ ચાતક, સબસે ખેલો, અલખ ખેલ, તજ માયા રે ! જાગો૦

અનંત રિદ્ધિ-રસ આત્મરમણુતા, યોગસિદ્ધિ સુખદાયા રે !
લોકાલોકકે સ્વામી તુમ હો ! અમર, અરૂપ, અજાયા રે ! જાગો૦

દ્રઢ આસન, ધર ધ્યાન-ધારણા, શૂન્ય શિખર જા બેઠો રે !
સ્વરૂપરમણુ સુખ ભોગી-જોગી, પરપુદ્ગલ હે અજીઠો રે ! જાગો૦

અનેકાન્ત-સ્યાદ્વાદ માર્ગ, તુમ ચલના પ્રભુ ફર્માયા રે !
પરપુદ્ગલ કંટક મારગ મેં, ચલત ફસાવત માયા રે ! જાગો૦

ગુનસ્થાનક આરોહ કરત, ગુન યોગી-અયોગી જાના રે !
કેવલ-કમલા રાની મિલે, બીચ પુદ્ગલસે ન લુભાના રે ! જાગો૦

સિદ્ધ-બુદ્ધ-સુલતાન સ્વયં હો, ચૌદ રાજ કે સ્વામી રે !
ઝળહળ જ્યોતિ નિજાત્મ રૂપકી, ખેલો અલખ અનામી રે ! જાગો૦

પ્રાતઃકાલ ઊઠ સુમરન પ્રભુકા, ત્રિવેણી તટ હે ડેરા રે !
જ્ઞાન-ધ્યાન મેં મસ્ત રહો ! જી ભૂલકર મેરા-તેરા રે ! જાગો૦

સદ્ગુરુ સુમરન ધૂપ જલાકર, આત્મ સુવાસિત કરના રે !
મણિમય જીવન સુફલ બનાદો, ફીર અવતાર ન ધરના રે ! જાગો૦

પાદરાકર

---

૧ ભોર=પ્રાતઃકાલ. ૨ રાત્રિ. ૩ પત્ની.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંતોની રાત્રી

રાત્રી મુનિની ગુણવૃદ્ધિકારી,
ધાત્રી[1] બને આત્મિક પુષ્ટિકારી;
અન્યોતણી પાપ વધારનારી,
વિચિત્ર એની કરણી અનેરી. ૧

ન ચંદ્ર એ સ્વર્ગીય શાંતિ દીપ,
ન અંક[2] એ કજ્જલ શ્યામ રૂપ;
ન ચંદ્રિકા શાંતિ રસાભિષેક,
રશ્મી[3] ન એ ચંદન શીત લેપ. ૨

વનસ્પતી વૃક્ષ સમસ્તને એ,
સૌંદર્ય ને પ્રાણ ગુણો સમર્પે;
આહ્લાદ પ્રેમામૃત જીવમાંહે,
કરે કરાવે શમ શાંતિ ચાહે. ૩

સંતોતણી ધ્યાન જ ધારણાને,
એ કાલ છે યોગ્ય સુધારવાને;
સંતો બને સંતત આત્મલીન,
કરે નિજાત્મા કુવિચાર હીન. ૪

સમાધિના દર્શન એ કરાવે,
નિજાત્મ ઉદ્ધારણ બીજ વાવે;
આત્મસ્વરૂપી પરમાત્મ જ્યોતિ,
કરે પ્રદીપ્ત સુપ્રકાશ દેતી. ૫

વાયુ વહે શીતલ મંદ મંદ,
આત્મા વરે શાંત સુરૂપ છંદ;
એકાગ્રતા ચિત્તતણી વરે છે,
અશાંતતા તે તનુની[4] હરે છે. ૬

આત્માતણી ત્યાં પરમાત્મ સાથે,
એકાગ્રતાની લગની વધે છે;
આનંદ સ્વર્ગીય તદા વધે છે,
ભાવો સહુ પુદ્ગલના હરે છે. ૭

ભૂલી જતા ત્યાં મુનિ દેહભાવ,
આત્મસ્વરૂપે વધતો સ્વભાવ;
રાત્રીતણાં શામ ઘનાંધકારે,
પ્રકાશ જ્યોતિ પ્રસરે જ ત્યારે. ૮

ક્ષમા દયાના સરમાંહી ઝીલે,
સ્વાનંદમાં લીન થઈ જ મ્હાલે;
ભૂલી જતા દેહ નિજ સ્વરૂપ,
પ્રકર્ષથી ત્યાં પ્રગટે અમૂપ.[5] ૯

રહ્યો ન દીસે નિજ દેહભાવ,
તે સચ્ચિદાનંદ થયા સ્વભાવ;
નસો તદા કર્મતણો સમૂહ,
તેનો થયો નષ્ટ સમૂળ વ્યૂહ.[6] ૧૦

જે રાત્ર સંસાર વધારનારી,
જે ચંદ્રિકા મોહ વિકારકારી;
તે થાય છે આત્મ વિકાસકારી,
સંતોતણા પાપ નિવારનારી. ૧૧

જે શ્યામ તે ઉજ્વલ રૂપ ધારે,
રાત્રી છતાં થાય પ્રભાત ત્યારે;
સંતોતણો એ દિન જાગૃતિનો,
સંસારનો નિશ્ચિત ઉંઘવાનો. ૧૨

સંતો સદા જાગૃત આત્મદેશે,
જ્યાં પુદ્ગલાનંદિત ઉંઘ લેશે;
સંતો જિહાં ઊંઘ વરે સુખેથી,
ત્યાં અન્ય જીવો બકતા મુખેથી. ૧૩

જે રાત્રિમાં લોક કુકર્મ સેવે,
ત્યાં સંત સૌ આત્મિક સૌખ્ય લેવે;
જ્યાં ચોર તાકી પરદ્રવ્ય ચોરે,
ત્યાં સંત સંપત્તિ આત્મીય ધારે. ૧૪

જ્યાં કામસેવા જનતા કરે છે,
ત્યાં સંયમી સંયમ સૌખ્ય લે છે;
જ્યાં મોહનિદ્રા જનતા વરે છે,
એ તુચ્છ જાણી મુનિઓ તજે છે. ૧૫

સંતોતણા આત્મસ્વરૂપ ભાવ,
અખંડ ને શાશ્વત સૌખ્ય થાવ;
જે સચ્ચિદાનંદ સુસાધુ ભાખે,
બાલેન્દુ તે જાગૃતિ નિત્ય ઝંખે. ૧૬

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

૧ ધાવમાતા. ૨ ચંદ્રનો ડાઘ. ૩ કિરણો. ૪ શરીરની. ૫ ઘણો. ૬ કાવતરું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નંદિષેણ મુનિ

## ( મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ—અમદાવાદ )

**શ્રીપુર** નામે નગરમાં માનપ્રિય નામે યજ્ઞપ્રિય બ્રાહ્મણ રહેતો હતો. તે હમેશાં યજ્ઞ કરતો. તેને ત્યાં ભીમ નામે એક દાસ હતો. એક વખતે માનપ્રિયે ભીમને કોઇ ખાસ કામ બતાવ્યું, પણ ભીમે કહ્યું કે "કામ એવી શરતે કરું કે મને યજ્ઞપ્રસંગે થતું ભોજન હમેશાં આપો." માનપ્રિયે તે કબૂલ કર્યું અને ભીમે તેનું કામ કર્યું. ભીમને યજ્ઞપ્રસંગે હમેશાં જે ઉત્તમ ખોરાક મળતો તે પોતે ન ખાતાં તે ખોરાક મુનિને વહોરાવી દેતો. એ દાનના કાર્યથી ભીમે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. ભીમ આયુષ્ય પૂર્ણ કરી દેવ થયો અને ત્યાંથી દેવગતિમાંથી ચ્યવીને રાજગૃહ નામે નગરમાં શ્રેણિક રાજાને ઘેર નંદિષેણ નામે કુંવરરૂપે જન્મ્યો. માનપ્રિય બ્રાહ્મણ ત્યાંથી મરી, કેટલાક ભવમાં રખડી અટવીમાં એક હાથણીને ઉદરે આવી ઉત્પન્ન થયો. એ હાથણીના જૂથનો અધિપતિ જે હાથી હતો તે બીજા નાના મોટા કોઇ હાથીને જીવવા ન દેતા મારી નાખતો. એના મનમાં ભય હતો કે બીજો કોઇ હાથી તૈયાર થયો તો મને મારીને આ જૂથનો માલિક તે થશે, માટે કોઇ પણ હાથણી જો નર હાથીને જન્મ આપે તો તેને મારી નાખે. હાથણી જન્મે તો તેને રહેવા દે. જે હાથણીના ઉદરે માનપ્રિય હાથી તરીકે ઉત્પન્ન થયો હતો તે હાથણીને વિચાર થયો કે "મને જો હાથી જન્મશે તો જૂથપતિ તેને મારી નાખશે માટે એ ન મારી નાખે તેમ કરું" આમ વિચારી હાથણી પોતાના ટોળામાંથી હંમેશાં થોડું થોડું પાછળ રહેતી. એમ કરતા હાથીને થયું કે એ હાથણીને કાંઇક દર્દ થયું છે તેથી પાછળ રહી જાય છે, એટલે તેના પર તેણે બહુ ધ્યાન ન આપ્યું.

એક વખતે જ્યારે એ હાથણીને સંતાન જન્મવાનો પ્રસંગ આવ્યો ત્યારે જંગલમાં રહેલ તાપસોના આશ્રમમાં જઇને હાથણીએ સંતાનને જન્મ આપ્યો. હાથીના એ બચ્ચાંને ત્યાં મૂકી હાથણી ટોળા સાથે ભળી ગઈ. પછી અનુકૂળતાએ આવીને તે હાથણી પોતાના બચ્ચાની સંભાળ લઇ જતી. આશ્રમમાં રહેલા બાળ તાપસો એ હાથીના બચ્ચાં સાથે રમત કરતા. હાથીનું બચ્ચું પણ એ તાપસનાં બાળકો અને તાપસો સાથે હળી-મળી ગયું. બાળ તાપસો પાણી ભરી લાવી આશ્રમનાં વૃક્ષોને પાતાં એટલે હાથી પણ પોતાની સૂંઢમાં પાણી ભરી લાવી વૃક્ષને સિંચે, એ ઉપરથી તાપસોએ એ હાથીનું સિંચાનક નામ પાડયું. સિંચાનક જ્યારે મોટો થયો ત્યારે તે સ્વતંત્ર થયો. તેણે એક દિવસે વિચાર કર્યો કે મારી માતા જેમ કપટ કરીને આ તાપસના આશ્રમમાં મને મૂકી ગઇ તેમ બીજી હાથણી કેમ ન કરે? એટલે આ તાપસનાં આશ્રમો એ કપટીઓનું આશ્રયસ્થાન છે, માટે આશ્રમો જ ન રહેવા દેવા જોઇએ. એમ વિચારી તાપસોનાં આશ્રમોને તે તોડી નાંખવા લાગ્યો. એટલે તાપસોએ એ હાથીને પકડવા માટે રાજા શ્રેણિકને વિનંતી કરી. રાજા શ્રેણિકે પોતાના સૈનિકોને સિંચાનક હાથીને પકડી લાવવાની આજ્ઞા કરી અને તે પણ સાથે આવ્યા. અનેક પ્રયત્ન કરતા છતાં કોઇ રીતે સિંચાનક હાથ ઝલાયો નહિ એથી રાજાને ઘણો ખેદ થયો. પિતાને ખેદ કરતા જોઇ નંદિષેણ કુમાર હાથીને કેદ કરવા ઊભો થયો. સિંચાનકે નંદિષેણને જોયો અને જોતાંની સાથે જ તેને જાતિસ્મરણ જ્ઞાન થયું.

પૂર્વના ભવનો સ્વામિસેવકસંબંધ તે જાણી શકયો. તેથી સિંચાનક શાન્ત થઇને ઊભો રહ્યો. નંદિષેણે તેની પાસે આવીને તેને માત્ર હાથવતી જ ઝાલી લાવીને રાજાને સોંપ્યો. રાજાએ સિંચાનકને પટહસ્તી બનાવ્યો. એક વખતે પ્રભુ મહાવીરદેવ જ્યારે રાજગૃહે પધાર્યા ત્યારે શ્રેણિકરાજા નંદિષેણકુમાર વગેરે દર્શનાર્થે ગયા. દેશના શ્રવણ કરી. નંદિષેણકુમારે પોતાને દેખીને હાથી શાન્ત કેમ થયો? એ સંબંધી પ્રભુને પૂછયું. પ્રભુએ તેના પૂર્વભવની વાત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી દેશનાના શ્રવણુથી નંદિષેણુને વૈરાગ્ય થયો અને સંયમ લેવા તૈયાર થયા, ત્યારે પ્રભુએ કહ્યું કે " હજુ તમારે ભોગાવલિ કર્મ બાકી છે, એટલે તે ભોગવ્યા સિવાય તમે સંયમ યથાસ્થિત રીતે પાળી નહી શકો, માટે ઉતાવળ ન કરો. " પ્રભુએ ના કહેવા છતાં નંદિષેણુકુમાર સંયમ લેવામાં દૃઢ રહ્યા, ત્યારે આકાશમાંથી દેવવાણી પણ એવી જ થઇ કે " નંદિષેણુ ! તમારે ભોગાવલિકર્મ બાકી છે માટે દીક્ષા લેશો નહિં. " સર્વની મના છતાં નંદિષેણે ચારિત્ર લીધું અને ઉત્સાહપૂર્વક તે છઠ્ઠ–અઠ્ઠમ આદિ તપશ્ચર્યા કરવા લાગ્યા. એમ કરી તેમણે કર્મને પાતળા પાડવા પ્રયત્ન કર્યો. પ્રભુની સાથે વિચરતાં, શાસ્ત્રાર્થને ધારણ કરતા, પરિષહાદિને સહન કરતા તે સંયમ પાળવા લાગ્યા. એ સંયમ અને તપના પ્રભાવથી તેમને અનેક પ્રકારની લબ્ધિઓ–સિદ્ધિઓ પ્રાપ્ત થઇ. એકદા તેઓ ગૌચરી અર્થે ગામમાં ફરતાં અજાણતાં કોઇ વેશ્યાને ત્યાં જઇ ચઢ્યા અને નિર્દોષ ભિક્ષાની યાચના કરી. વેશ્યાએ મશ્કરીમાં પોતે અર્થાર્થી છે અને અહીં તો વિષયોની ભિક્ષા છે એમ કહ્યું. એ મશ્કરીથી અને ભોગવલિકર્મના ઉદયથી મુનિને મનમાં અહંભાવ આવ્યો. તુર્તજ ઘાસનું તરણું લઇ તેને તોડી કકડા કરતાં સોનામહોરનો ઢગલો થયો. તે જોઇને વેશ્યાએ તેને મોહ પમાડીને ત્યાં જ રાખી લીધા. નંદિષેણુ વેશ્યાને ત્યાં રહ્યા, પણ એવો નિશ્ચય કરીને કે હંમેશાં દસ જણને ધર્મનો પ્રતિબોધ આપી, ધર્મ પમાડી, દીક્ષા લેવાને રવાના કર્યા પછી જ ખોરાક લેવો, તે પહેલાં ન લેવો. આ નિયમ તે બરાબર પાળતા. બાર વર્ષ વીત્યા ત્યારે ભોગાવલી કર્મ ભોગવાઇ રહેતાં એક દિવસે હમેશના નિયમ મુજબ દસ જણને પ્રતિબોધતાં નવ પ્રતિબોધ પામ્યા. દસમો એક સોની ન બૂઝયો. જમવા વખત થઇ ગયો. બે–ત્રણુ વખત ફરી ફરી કરેલી રસોઇ ઠરી ગઇ; છતાં પ્રતિજ્ઞા મુજબ દસ જણુ પૂરા થયા સિવાય ન જ જમી શકાય. છેવટે વેશ્યાએ મશ્કરી કરતાં કહ્યું કે " દસમા તમો ! " બસ એટલી જ વાર હતી. તુર્તજ ઊઠી ઊભા થઇ વેશ્યાને પોતાના ગુરુસ્થાને માની, સાધુવેશ લઇ તે ચાલી નીકળ્યા. ફરી દીક્ષા લઇ દુષ્કર તપશ્ચર્યાદિ કરી, સર્વ કર્મનો ક્ષય કરી, અન્તે તે **નંદિષેણમુનિ** મોક્ષે પધાર્યા. આવા મુનિવરને ધન્ય છે, ધન્ય છે !

## જીવન મંત્ર

**ददातु दानं विदधातु मौनम्, वेदादिकं चापि विदांकरोतु ।**
**देवादिकं ध्यायतु सततं वा, न चेद्दया निष्फलमेव सर्वम् ॥**

તમે કોટિ સુવર્ણનું દાન કરો, વર્ષોના વર્ષો સુધી મૌન ધારણ કરો, વેદ અથવા તો બીજા બધા ધર્મશાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરો તેમજ નિરંતર દેવાદિકનું ધ્યાન કરો પરન્તુ અંતઃકરણને વિષે જો દયા નથી તો ઉપર દર્શાવેલા સર્વ કાર્યો, રાખમાં ઘી હોમવાની માફક નિરર્થક–નિષ્ફળ જ સમજવા, માટે જ મહાપુરુષોએ ધર્મનું મૂળ દયા જ કહી છે, તેથી જ **अहिंसा परमो धर्मः ।** એ આપણો મુદ્રાલેખ છે–જીવન મંત્ર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૌશામ્બીની રાણી મૃગાવતી

( ૩ )

**મન ચંગા, તો કથરોટમાં ગંગા.**

માનવભવની સફળતા કરવી હોય તો એ અંગે દર્શાવેલ જીવન–સાધનાના ચાર વર્ગ ધ્યાનમાં રાખવા. એ પુરુષાર્થરૂપે પણ પ્રસિદ્ધ છે. ૧ અર્થ. ૨ કામ. ૩ ધર્મ અને ૪ મોક્ષ. એમાં અગ્રપદે તો મોક્ષ જ છે. એની પ્રાપ્તિ ધર્મમાર્ગેથી થાય; અને ધર્મકરણી-વેળા પ્રથમના બે વર્ગની એવી સંકલના કરવી કે જેથી તેઓ બાધારૂપ ન નિવડે. ધર્મના ત્રણ પ્રકાર પણ સમજી લેવા યોગ્ય છે. પ્રથમ પ્રકાર તે **સ્વરૂપધર્મ**, એમાં આત્માની નિર્મળતા ઉપર ખાસ ભાર મૂકાયેલ છે. બીજો **અનુષ્ઠાનધર્મ** અને ત્રીજો **વિચારધર્મ**, એ બરાબર સમજપૂર્વક આચરણમાં ઉતારાય તો **મોક્ષની** સાધના સુલભ બને છે. **સ્વરૂપધર્મ** ઉપર લક્ષ્ય કેંદ્રિત કરવા સારુ **સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન** અને **સમ્યક્ચારિત્ર**રૂપ ત્રિવેણીમાં પ્રતિદિવસ અવગાહન ચાલુ રાખવાનું છે; કેમકે એ આત્માના મૂળ ગુણોરૂપ હોઇ આખરે સ્ફટિક માફક નિર્મળતા પ્રાપ્ત કરે એનું નામ મોક્ષ. મનુષ્યે વ્યવહારિક કે અન્ય આવશ્યક કાર્યોના આચરણવેળા ‘ધાવ ખીલાવત બાળ ’ની ઉક્તિ સ્મરણમાં રાખી, **કામના** તો એકલા **મોક્ષની** જ રાખવી. કેમકે એ એક જ સ્થાન એવું છે કે જ્યાં જન્મ, મરણ, રોગ, શોગ, આધિ, વ્યાધિ કે ઉપાધિ આદિ કંઇ જ નથી. કેવલ શાશ્વત આનંદ, આનંદ અને આનંદ જ છે.

ભગવંત ! આપની વાત મને બરાબર ગળે ઉતરી છે અને હું એ મોક્ષસ્થાનની પ્રાપ્તિ કરવા સતત ઉદ્યમશીલ રહેવા ઇચ્છું છું. આશા છે કે મારો એ ઉદ્દેશ્ય બર આણવામાં, પુરુષપર્ષદામાં બેઠેલા રાજવી ચંડપ્રદ્યોત આડા હાથ નહીં ધરે.

નારીવૃંદમાંથી સ્વર્ગની અપ્સરાને પણ શરમાવે એવી રૂપશાલિની, અને જેના મસ્તિક ઉપરનું વસ્ત્ર જરા નમેલું છે એવી ઊભી થઇ, હસ્તદ્વય જોડી પ્રભુ સન્મુખ પ્રસ્તાવ રજૂ કરતી રમણીને રાજવી ચંડપ્રદ્યોત ઘડીભર જોઇ રહ્યો ! થોડીપળના વિલંબ પછી એ રૂપવતીએ પોતાને ઉદ્દેશીને વાતની શરૂઆત કેમ કરી, તેનું કારણ પણ કળી ગયો. એ ભૂપ જવાબ આપે તે પૂર્વે વાર્તાના વહેણમાં આગળ વધવા સારુ જે અંકોડા જોડવાની જરૂર છે તે દિશા તરફ વળીએ. ઉપરના પ્રસંગ સુધી આવી પહોંચવામાં સંખ્યાબંધ વર્ષોના વહાણા વાયા છે અને કાળદેવે પણ ઘણી ઊથલ-પાથલ કરી નાંખી છે.

કૌશામ્બીના મહાલયમાં રાજવી શતાનીક અને રાણી મૃગાવતીને વાર્તાલાપ કરતાં આપણે જોયા છે. એ પછી આ નગરીના આંગણે ચંદનબાળાના હસ્તે છદ્મસ્થ એવા શ્રી વર્ધમાન સ્વામીના પારણાનો પ્રસંગ ઊજવાઇ ગયો. એ વેળા જ મૃગાવતીને ખબર પડી કે ચંદનબાળાનું મૂળ નામ તો વસુમતી છે અને એ ચંપાપતિ દધિવાહનની રાણી ધારિણીની પુત્રી છે. પોતાની બ્હેન પદ્માવતી ગર્ભવતી અવસ્થામાં ચંપાપતિ સહ ઉદ્યાનવિહારે નીકળેલી અને માર્ગેથી એ વિખુટી પડી ગએલી. ઘણી શોધ કરવા છતાં એનો પત્તો ન મળવાથી, દધિવાહન ભૂપને બીજું લગ્ન કરવું પડેલ. આમ ધારિણી એ પદ્માવતીની શોકય લેખાય અને એ સગાઇના ધોરણે વસુમતી પોતાની ભાણેજ થાય. એ કારણે માસી એવી મૃગાવતીએ તેણીને ધનાવહ શેઠનું ઘર છોડીને પોતાની સાથે રાજ્યમહેલમાં આવીને વસવા આગ્રહ કર્યો અને અત્યારસુધી પોતે ઓળખી ન શકી એ માટે પશ્ચાત્તાપ પણ દર્શાવ્યો.

ચંદનબાળાએ પણ કહ્યું કે–એમાં દુઃખ ધરવાનું કંઇ જ કારણ નથી. મારા પાલક પિતાનું ઘર છોડી હું કોઇપણ સ્થળે વસવાટ કરવા જવાની નથી. મારું ધ્યેય કેવળ આત્મકલ્યાણનું છે.

ત્યાં તો ભગવંત શ્રી વર્ધમાન સ્વામી થએલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સોનૈયાની વૃષ્ટિરૂપ ધન એકઠું કરતાં રાજયના અનુચરોને વારીને બોલ્યા કે–એ ઉપર રાજયનો હક નથી. ધનાવહ શેઠ જ એના સાચા માલિક છે. હું જયારે ચતુર્વિધ સંઘની સ્થાપના કરીશ, ત્યારે ચંદના પ્રથમ સાધ્વી થશે. તેણીના દીક્ષામહોત્સવમાં આ ધન ખરચાશે.

એ પછી ઋજુવાલિકાના તટ પર આવેલ શ્યામાક ખેડૂતના ક્ષેત્રમાં પ્રભુશ્રીને કૈવલ્યની પ્રાપ્તિ થઇ, અને ત્યાંથી વિહાર કરી તેઓશ્રી મહાસેન વનમાં પધાર્યાં. ત્યાં ઇંદ્રભૂતિ આદિ અગિયાર બ્રાહ્મણ પંડિતોને પ્રતિબોધી, પોતાના ગણધર બનાવ્યા. ચતુર્વિધ સંઘની સ્થાપના કરવામાં આવી, અને એ વેળા ચંદનાએ પ્રવ્રજ્યા સ્વીકારી.

સાધ્વીજીવનમાં પ્રગતિ સાધતા, ભિન્ન ભિન્ન પ્રદેશમાં વિચરતા એવા સાધ્વી ચંદનબાળાને ઘણી શિષ્યાઓની પ્રાપ્તિ થઇ. કૌશામ્બીના ચાતુર્માસ સમયે શતાનિક ભગિની **જયંતી**એ પણ તેમની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. પોતાના શુદ્ધ આચારથી, અને પકવ અભ્યાસથી સાધ્વી ચંદનબાળા વયમાં નાના છતાં, જ્ઞાનમાં અગ્રપદે હોવાથી **પ્રવર્તની**ના પવિત્ર પદે પહોંચ્યા.

દરમીઆન અવંતીપતિ ચંડપ્રદ્યોત પોતાની કામલાલસા તૃપ્ત કરવાના પ્રયાસ ચાલુ રાખી રહ્યો હતો. પત્રનો જવાબ ન મળવાથી એણે બીજા ઉપાયો હાથ ધર્યાં. એમાં પણ ફતેહમંદ ન થવાથી 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેતી મુજબ, દુનિયાના વહેવારને અભરાઇએ ચઢાવી, સગાઇનો સંબંધ અવગણીને, એકદમ એણે કૌશામ્બી ઉપર જોરદાર ધસારો કર્યો. નગરીને ચારે તરફથી સખત ઘેરો નાંખ્યો. આ કામ એવી ગુપ્ત રીતે ચંડપ્રદ્યોતે કર્યું કે એની ગંધ સરખી શતાનિકને આવી નહીં. કેટલાક સમયથી તેની તબીઅત અસ્વસ્થ તો હતી જ એમાં એકાએક આ છાપો આવી પડ્યો. નગરીના દરવાજા બંધ કરાવ્યા, પણ અકસ્માતિક હુમલાનો ક્ષોભ એટલી હદે પહોંચ્યો કે તેને એકદમ અતિસાર લાગુ પડ્યો અને ક્ષિતિજ પર અરુણનું આગમન થાય કે ઉષાની પ્રભા પથરાય તે પૂર્વે તો તેનો હંસલો ઊડી ગયો.

મૃગાવતીને સ્થાને અન્ય કોઇ નારી હોત તો અવશ્ય ગભરાઇ જાત. પણ આ તો ચેટકપુત્રી ને શૂરી ક્ષત્રિયાણી હતી. રાજયના શીરે આવેલ મહાન્ સંકટ પારખી લઇ, તેણીએ સર્વ વિધિ હિંમતથી પતાવી. ત્યાં તો જેમના માથાના કેશ શ્વેતતાને ધારણ કરી કોઇ અનોખી શોભા આપી રહ્યા છે એવા વૃદ્ધ મંત્રીશ્વરના પગલા થયા. પ્રણામ કરી તેઓ બોલ્યા કેઃ—

મહારાણી! તમોએ જેમ આવી પડેલ આ કારમો ઘા સહન કરવામાં ધૈર્ય દાખવ્યું તેમ નગરીના રક્ષણમાં પણ જો કુશળતા દાખવો તો જ બાળરાજાની કીર્તિ બની રહેશે. શત્રુ એવા પ્રદ્યોતરાજા સાથે બળથી આપણે ફાવી શકીએ તેમ નથી જ. હા કળથી કામ લઇએ તો એ લંપટ રાજવી ભોંઠો પડે અને કૌશામ્બીનું રાજય સુરક્ષિત થઇ જાય. એ જાતનો દાવ ફેંકવામાં મુખ્ય ભાગ આપે જ ભજવવાનો છે. રાજનીતિમાં 'સામ–દામ–ભેદ અને દંડ'રૂપ ચાર પ્રકારો દાખવ્યા છે. આપના ઉપર એ મોહિત છે એટલે યુક્તિથી કામ લેશો તો વત્સ એવા કુમાર ઉદાયનનું કાર્ય સધાશે, અને સતીત્વના રક્ષણ અર્થે જે કંઇ આપના તરફથી એની સામે રજૂ થશે, એ ભલેને છલના હશે છતાં ટીકાપાત્ર નહીં ગણાય.

મંત્રીશ્વરનો ઇશારો મૃગાવતી સારીરીતે સમજી ગઇ. તેણીએ ચંડપ્રદ્યોતને કહેણ મોકલાવ્યું કેઃ—

તમારી મને મહારાણી બનાવી અવંતી લઇ જવાની માંગણી સ્વીકારી શકાય એવો સંયોગ ઊભો કરવા સારુ સૌપ્રથમ તમારે બે શરતનું પાલન કરવું જરૂરી છે. એક તો સ્વામીના મૃત્યુથી જે વૈધવ્ય મારા શીર ઉપર આવી પડ્યું છે તે અંગેના શોકપાલનમાં હાલ નવ માસ સુધી એ વાતનો ઉચ્ચાર સરખો ન કરવો; અને બીજી શરતરૂપે મારા બાળપુત્રના રાજય ઉપર કોઇ શત્રુરાજવી હલ્લો ન લાવે એ સારુ તમારે કૌશામ્બીને ફરતો મજબૂત ગઢ બનાવી આપવો. આ શરતોનું પાલન થશે તો આપે સેવેલી ચિરકાળની અભિલાષાને ફળ બેસવાનો યોગ જરૂર સાંપડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામલોલુપ્ત ચંડપ્રદ્યોત જેમ બળવાન હતો તેમ ઉતાવળીઓ પણ ખરો જ. મૃગાવતીનો ઉપર મુજબનો સંદેશ મળતાં જ એ લટ્ટુ બની ગયો. 'સિંહ ભૂખે મરે પણ ઘાસ ખાય નહીં, અને સતી પ્રાણની આહૂતિ આપે પણ શિયળ છોડે નહીં' આવી પ્રસિદ્ધ જનવાયકા ન તો એને યાદ આવી કે ન તો કંઇ આગળ–પાછળ વિચાર્યું. રાણીની વાત સ્વીકારી લીધી અને છાવણી સંકેલી પોતાના વતન પાછો ફર્યો. કૌશામ્બીને અજેય બનાવવા હજારો માણસોને કામે લગાડી દીધા. કયારે નિયત કરેલો સમય પૂરો થાય એના મણકા મૂકવા માંડ્યા. 'અણી ચૂકયો સો વરસ જીવે' એ ઊક્તિ મૃગાવતીના પ્રસંગમાં તો અક્ષરશઃ સાચી પડી.

'કાગનું બેસવું ને તાડનું પડવું' એ ન્યાયે શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવ વિચરતાં વિચરતાં કૌશામ્બીના ઉદ્યાનમાં પધાર્યા. એ સમાચાર મળતાં રાણી મૃગાવતીએ મંત્રીશ્વરને તેડાવ્યા. જ્યાં એ નમસ્કાર કરીને બેસે છે ત્યાં રાણીએ પ્રશ્ન કર્યો– મહામંત્રીજી, ગઢ બરાબર સુરક્ષિત થઇ ગયો છે?

જી, હા. હવે બાળરાજાને હાલ તો કોઇ શત્રુનો ભય નથી રહ્યો; પણ વાયદો પૂરો થવા આવ્યો છે એટલે અવંતીપતિ ઉતાવળ કરે છે. સંદેશવાહકના કથન મુજબ તેઓ આવતી કાલે જ આવી પહોંચશે. ઉપરથી તો ભગવંત શ્રી મહાવીરદેવને વંદન કરવાનું નિમિત્ત જણાવે છે પણ અંદરખાનેથી આપને માટે જ આવે છે.

મંત્રીશ્વર, તમો તો રાજ્યના જૂના હિતચિંતક છો, રાજકુંવરનું હિત વિણસે નહીં, અને આપણા રાજ્યની પ્રતિષ્ઠા જળવાઈ રહે એ રીતે રાજ્ય સંચાલન કરવા સમર્થ છો. હવે એમાં મારી સલાહ કે હાજરીની અગત્ય મને જણાતી નથી.

સ્વામિની, એટલે આપ શું કરવા ધારો છો? શું અવંતી...ત્યાં તો મૃગાવતી અધવચ્ચ બોલી ઉઠી–

તમો માનો છો કે હું મહારાણી બનવા મારી ભગિનીના હક્ક ઉપર તરાપ મારી અવંતી જઉં? કુળને કલંક લગાડું?

ના, ના, એવો ખ્યાલ તો મને સ્વપ્ને પણ ન આવે. હું મહારાણી મૃગાવતીના સ્વભાવથી અજ્ઞાત નથી, અને ચેટકરાજાની પુત્રીઓની, શિયળ-પાલનમાં અડગતાથી અજાણ પણ નથી.

તો પછી વિશ્વાસ રાખો. રાજ્યધુરા વહન કરવાની જવાબદારી હરતે મુખડે સ્વીકારી લ્યો. આવતી કાલે હું પણ ભગવંતને વંદના કરવા પહોંચી જઇશ, અને ભાવિજીવન માટે એવો માર્ગ નક્કી કરીશ કે જેથી પ્રતિષ્ઠાને રંચમાત્ર હાનિ નહીં પહોંચે, એટલું જ નહીં પણ અવંતીપતિ તરફથી કૌશામ્બીનું રાજ્ય કાયમ માટે નિર્ભય બની જશે.

સમવસરણમાં જે રમણીએ પ્રવજ્યા લેવાની પ્રભુશ્રી મહાવીર દેવને ઉભા થઇ પ્રાર્થના કરી અને એમાં અવંતીનાથની સંમતિ માંગી, તે અન્ય કોઇ નહીં પણ રાણી મૃગાવતી હતી એ વાત સહજ સમજાય તેમ છે અને એ પાછળનો હેતુ પણ સ્પષ્ટ થાય છે.

ચંડપ્રદ્યોત મનમાં તો, હાથમાં આવેલ શિકાર આ રીતે સરી જતો જોઇ, ચિરકાળ સેવિત સ્વપ્ન આમ ઊડી જતું જોઇ, ઘણું મુંઝાયો; પણ ત્રણ જગતના નાથ સામે અને ભરી પર્ષદાની વચ્ચે એનાથી 'ના' કહેવાય તેવું હતું જ નહીં. એણે એ વાત સમજતા હવે જરા પણ વિલંબ ન થયો કે, મૃગાવતી પોતાની ચતુરાઇથી મને બનાવી ગઇ. બાણ ધનુષ્યમાંથી છૂટી ગયું હતું. હવે એ સામે કંઈ જ પ્રતિકાર શકય નહોતો. 'હકાર' ભણવાનું નક્કી કરી તે જેવો ઊભો થવા જાય છે...

ત્યાં તો જ્ઞાની ભગવંત બોલ્યાઃ માનવ પોતાના સર્વ મનોરથ પૂર્ણ કરવાના સોણલા ભલે સેવતો હોય પણ વિધિના રાહ નિરાળા હોય છે. કોઇ કાળે સર્વ આશાઓ પૂરી થતી નથી જ. એથી નિમ્ન વચન ટંકશાળી બન્યું છે—

**धनेषु जीवितव्येषु भोगेषु आहारकर्मसु ।**
**अतृप्तः प्राणिनः सर्वे याता यास्यन्ति यान्ति च ॥**

વળી જાતે ન બનતું હોય છતાં અન્ય કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમતા

લેખકઃ—અમરચંદ માવજી શાહ

સમતા એટલે પરિણામની અવિષમતા. જ્યાં વિષમ પરિણામ થાય ત્યાં સમતા ટકી શકે નહીં. રાગ અને દ્વેષનાં પરિણામમાં મધ્યસ્થપણે પરિણતી રહેવી, તેનું નામ સમતા. આપણને ક્ષણે ક્ષણે રાગ દ્વેષની વૃત્તિઓ થયા જ કરે છે અને સુખ-દુખની લાગણીઓનો અનુભવ થયા કરે છે. એક આધુનિક કવિએ કહ્યું છે કે—

**સુખ સમયમાં છકી નવ જવું,**
**દુઃખમાં ન હીંમત હારવી;**
**સુખદુઃખ સદા ટકતાં નથી,**
**એ નીતિ ઉર ઉતારવી.**

આપણે દુઃખના સમયમાં ગમે તેટલો ઊહાપોહ કરીએ છતાં પણ તે દુઃખ ઘટતું નથી. જે જે પ્રકારે આ આત્માએ જેવા જેવા રસથી કર્મબંધ કર્યા હોય તે તે પ્રકારે તેને તે વેદવું જ પડે છે તેવો સિદ્ધાંત છે. જ્યારે આપણે કર્મ કરતી વખતે વિચાર કર્યો નથી ત્યારે તેનાં ઉદય વખતે શોક કરવો શું કામનો ?

**બંધ સમય ચેત્યો નહીં, ઉદયે શો સંતાપ ?**

એટલે ખરી રીત એ છે કે કર્મબંધન વખતે જ આપણે ઉપયોગની જાગૃતિ રાખવાની જરૂર છે. જ્યારે બંધ બંધાઈ ગયો ત્યારે તેને વેદવામાં હર્ષ શોક શું કામનો ! આ વખતે જ સમતાની કીંમત છે. આ સમયે સમતા નહીં રહેવાથી મમતાને લીધે આપણે વધુ પડતું દુઃખનું વેદન કરીને પુનઃ નવીન કર્મબંધમાં પડીએ છીએ, એ વખતે જો આપણે સમતાથી સહનશીલતા રાખી હોય તો આપણે એ દુઃખનું વેદન ઘણું જ શિથિલ કરી નાખીએ છીએ અને નવા બંધનથી મુક્તિ મેળવીએ છીએ.

અનેક મહાત્માઓ—આ સમતાયોગની સાધના કરીને ભૂતકાળમાં મુક્તિને પામ્યા છે. ગમેતેવા કર્મોને ખપાવવા માટે સમતા જેવો કોઇ રામબાણ ઉપાય નથી. અખંડ આનંદ, અભેદ્ય પ્રેમ અને નિર્વિકલ્પ શાંતિનું મહાનમાં મહાન સાધન સમતા છે. સમતાનાં પરિણામથી રાગ દ્વેષની પરિણતી મંદ થઇ જતાં આત્માનો સહજ આનંદ પ્રગટે છે. સૌ જીવાત્માઓ પ્રત્યે અભેદ્ય પ્રેમ પ્રવર્તે છે. અને ચિત્તમાં નિર્વિકલ્પ શાંતિ પરિણમી સહજ આત્મસ્વરૂપમાં સ્થિરતા થઇ શકે છે અને એ જ સામાયિક યોગ છે.

યોગિવર્ય શ્રી આનંદઘનજીએ પણ શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવનમાં કથન કર્યું છે કે—

---

ઉત્તમ માર્ગે જતું હોય તો એમાં સહાયક બનવાની તક પણ નકામી જવા ન દેવી. કહ્યું છે કે-કરણ, કરાવણ ને અનુમોદન સરખા ફળ નિપજાવે.

ચંડપ્રદ્યોતે ઊભા થઇ જણાવ્યું કે—રાણી મૃગાવતી ભાગવતી દીક્ષા સ્વીકારે એમાં મારા તરફથી પૂર્ણ સહાનુભૂતિ છે.

મૃગાવતીએ રાજી થતાં જણાવ્યું કે—હું અવંતીનરેશનો ઉપકાર માનું છું કે જેમણે મારી ઇચ્છા પૂર્ણ કરવામાં સાથ પૂર્યો- એ સાથે મારા બાળકુંવર ઉદાયનની, તેમજ કૌશામ્બીના રાજ્યની સર્વ પ્રકારની સંભાળ રાખવાનો ભાર પણ તેઓના શીરે મૂકું છું. નાથ ! મારો માર્ગ નિષ્કંટક થયો છે. હવે મને મહાવ્રત ઉચ્ચરાવો.

ઇંદ્રભૂતિ ગણધરે પૂછ્યું: તમારે જયંતી, સુલસા આદિ સ્થવિર સાધ્વી સમૂહમાં કોની શિષ્યા બનવું છે ?

ગુરુદેવ, એ માટે પણ મેં વિચારી રાખ્યું છે અને ખુદ પ્રવર્ત્તિની ચંદનબાળાને જ મારા ગુરુ પદે સ્થાપવા છે.

આ પણ આશ્ચર્ય. ભાણેજની શિષ્યા માસી !

(ચાલુ)

**મોહનલાલ દીપચંદ ચોકસી**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માન અપમાન સમ ચિત્ત ગણે,**
**સમ ગણે કનક પાષાણ રે;**
**મુક્તિ સંસાર બેઉ સમ ગણે,**
**ઇસ્યો હોય તું જાણ રે. શાંતિ જિન૦**

તેમજ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ અપૂર્વ અવસરમાં પ્રકાશ્યું છે કે—

**શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,**
**માન અમાને વર્તે તેજ સ્વભાવજો;**
**જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા,**
**ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવજો.**
**અપૂર્વ અવસર**

જેને કોઇ શત્રુ નથી. જેને કોઇ મિત્ર નથી, જેને માન અને અપમાન સરખા છે, જેને જીવિત કે મરણ સરખું છે, જેને સંસારમાં રહેવું કે મુક્ત થવું એમાં કાંઇ પણ ન્યૂનાધિકપણું નથી એવી જ્યાં સમભાવની દશા પ્રગટે ત્યાં કેવો અદ્ભુત સમતા રસ જામ્યો હોય તેની કલ્પના એક વખત ચિત્તમાં ઉતારીને અનુભવ પ્રાપ્ત કરીએ ત્યારે જ તેનાં અમૃત રસની ખબર પડે. આ બધો પ્રયોગ અનુભવ સિદ્ધતાથી સિદ્ધ થાય છે. આ માત્ર બોલવાથી, કહેવાથી કે લખવાથી સુખ પ્રાપ્ત કરી શકાતું નથી. આ અલૌકિક વસ્તુ છે. અલૌકિક વસ્તુ પ્રાપ્ત કરવા માટે લૌકિક સંગથી ઉદાસીન બનવું જોઇએ. લોકોત્તર માર્ગે ગમન કરવું જોઇએ. અંતર્મુખ થવાનો ઉપયોગ કેળવવો જોઇએ.

આ સમતા માટે ખૂબ જ આત્મસંયમની જરૂર છે, આત્મસંયમ પ્રાપ્ત ન થાય, મમતામાં-બાહ્ય પરિગ્રહ-પરદ્રવ્ય, પરભાવમાં ચિત્તનું ભ્રમણ થયા કરે ત્યાં સુધી સમતાની પ્રાપ્તિ થવી દુર્લભ છે. મન, વચન અને કાયાની ઇન્દ્રિયો ઉપર સંયમ આવે, ઇચ્છાઓનું શમન થાય, થયેલી ઇચ્છાઓને રોકવાની શક્તિ પ્રાપ્ત થાય તેવો વૈરાગ્યભાવ જ્યારે આત્મામાં પરિણમે ત્યારે સમતા ભાવની પ્રાપ્તિ થાય. ગમે તેવા ભયંકર પ્રસંગોમાં-ઉલ્કાપાતમાં, પહાડ તૂટી પડે તેવા સંકટમાં પણ જે ધીરજ રાખી શકે છે, અને સમતા રાખે છે તે વીર પુરુષ છે. આવા વીરપુરુષો જ જગતને વંદનીય છે. ક્રોધ-માન-માયા ને લોભને વશ થઇ જે અનેક પ્રકારની બહાદુરીનાં બણગાં ફુંકે છે તેમજ કલેશ-કંકાસ લડાઇ-હિંસા આદિ કરે છે તેની વીરતાનાં વખાણ ભલે સાંપ્રત અજ્ઞાન માનવીઓ કરે પણ સત્પુરુષો તો ક્રોધ કરનારને કાયર જ ગણે છે. જે સમતા રાખનાર છે તેને જ વીરતાનું બિરુદ શોભે છે. જ્યાં સુધી સંસારમાં અનિત્ય પદાર્થોપ્રત્યેની મમતામાં આ આત્મા મુંઝાઈ રહ્યો છે ત્યાં સુધી તેને સાચી સમતાનાં દર્શન દુર્લભ જ છે. આપણા જીવનમાં ક્ષણે ક્ષણે એવા એવા પ્રસંગો ઉપસ્થિત થયા કરવાનાં છે, થયા કરે છે અને થયા છે-કે તેમાં આપણે રાગ દ્વેષ કે હર્ષ શોકને વશ થયા જ કરીએ છીએ. અને અનેક અનર્થોને આપણે એ દ્વારા આમંત્રણ કરી આપણા આત્મા ઉપર બોજો વધાર્યે જઇએ છીએ, પરંતુ જો દરેક સ્થિતિમાં-સ્થાનમાં આપણે એક સમતાની જ સાધના રાખી હોય તો-આપણે સ્હેલાઇથી ચિત્તની શાંતિ પ્રાપ્ત કરી શકીએ છીએ. બધું દુઃખ આપણા મનમાં સંકલ્પ-વિકલ્પને લઇને છે. આપણે માત્ર જ્ઞાતા-દ્રષ્ટા અને સાક્ષીરૂપે જ રહીએ અને જે થયું તે જોયા કરવાનું અને સમતાથી વેદન કરવાનું રાખીએ તો આપણને અત્યંત સુખ જ મળશે.

સમતા માતાની ગોદમાં તું વિશ્રાંતિ લેવાનું કર. તને જરૂર શાતા ઉપજશે. એ પ્રેમાળ માતા તારું રક્ષણ કરશે, તને અખંડિત રાખશે-તારું વેરવિખેર થઇ જતું જીવન સમતાવડે એકચિત્ત થશે. તારામાં અનંત શક્તિ પ્રગટશે-તને ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થશે-પછી તું ગમે ત્યાં વિચર, ઘરમાં કે વનમાં, સુખમાં કે દુઃખમાં, ગરીબાઇમાં કે શ્રીમંતાઇમાં, શત્રુઓની વચ્ચે કે મિત્રોની વચ્ચે-સંબંધીઓમાં કે વિરોધીઓમાં તારી સમતાની મહામૂલી મૂડીથી તું ખૂબ જ પ્રભાવિક થઇશ. તને દુઃખ આપનાર પણ તારા મિત્રો જેવા લાગશે. તું તારા અશુભ કર્મનું દેવું એ રીતે ભરપાઈ કરી શકીશ. અને મુક્ત થઇશ.

તારે બીજું કાંઈ કરવું ન હોય, બીજું કાંઇ તું જાણતો ન હોય, તને કાંઇ આવડતું ન હોય, તું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાંઈ ભણ્યો કે ગણ્યો ન હોય, છતાં જો તું એક માત્ર સમભાવમાં રહેવાની આધ્યાત્મિક અનોખી કળા મેળવી લઈશ તો તને આ વિનાશી જગતમાં અવિનાશી એવું પરમસુખ સહજ રીતે પ્રાપ્ત થશે. તને કોઈ પણ પરવસ્તુની પરદ્રવ્યની અપેક્ષા નહિં રહે. તું મહાનનિધાન તારામાંથી જ પ્રાપ્ત કરશે.

તું અકલ–અલખ–અક્ષય–અખંડ–અનંત શક્તિવંત્ મહાન્ આત્મા છો. અનાદિ કાળથી પુદ્‌ગલ–જડ ભાવોમાં મમતા કરીને તેને પ્રાપ્ત કરવામાં તારી અનંતી શક્તિ અનાદિ કાળથી તું ખર્ચતો આવ્યો છે, તે છતાં તને કોઈ પણ દિવસ સાચું સુખ–અવિનાશી સુખ પ્રાપ્ત થયું નથી. જે સુખની પાછળ દુઃખ ડોકિયાં કરતું ઊભું હોય તેને સુખ કેમ કહેવાય? સ્વપ્નનું ગમે તેટલું સુખ પણ જાગ્રત થયાં એટલે –ત્યાં ને ત્યાં; એનાં જેવું જ આ સંસારનું પરભાવનું સુખ છે. સ્વભાવ સુખ તેં કદી જોયું નથી. તેં તેનો સ્વાદ ચાખ્યો નથી, એ સ્વાદ તને માત્ર એક સમતાથી જ મળશે. એ માટે તારે હવે પુરુષાર્થ કરવાનો છે. તારી અનંતી શક્તિ હવે તું વેડફતો બંધ થા. જ્યાં ત્યાં ભટકવાનું તું બંધ કર. તું તારું સુખ તારામાં જ શોધ. એ શોધવા માટે તું અધ્યાત્મયોગની દીપિકા સદ્‌ગુરુદ્વારા પ્રાપ્ત કર. સત્‌શાસ્ત્રોનું અધ્યયન કર. તારા અંતરમાં ભાવનાનો દીપક પ્રગટાવ. એ દીપકના પ્રકાશવડે તું તારા અંતરમાં જો. સમ્યગ્ દર્શન જ્ઞાનનાં દર્શન કર અને એ દર્શનનું અવિરતપણે ધ્યાન કર. એમાં જ સમાધિસ્થ થઈ જા. લય લગાડી જા. તને તારી મહાન્ વિભૂતિનાં દર્શન થશે એટલે તું શાંતિ પામીશ, સમતાને પ્રાપ્ત કરીશ. તારી વૃત્તિઓ ઉપશમ થવા માંડશે. છેવટે તું તેનો ક્ષય કરતો કરતો શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈશ. તારા મમતાથી બંધાએલા જાળાંઓ–વાદળાંઓ સાફ થઈ જશે. તારો જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશિત થશે. એ જ્ઞાન સૂર્યનાં પ્રકાશિત કિરણોથી જગતમાં જ્યોતિ થશે. તારા આ પ્રકાશનાં કિરણોથી જગતમાં આનંદ વ્યાપશે. જગતનાં જીવો તારા પ્રત્યે પ્રેમનાં પુષ્પો વરસાવશે. જગતમાં શાંતિનાં ફુવારા ઊડશે, તું યે કૃતકૃત્ય થઈશ અને તારા દર્શનથી જગત પણ કૃતકૃત્ય થશે.

તારે બીજું કાંઈ કરવાનું બાકી રહેશે નહિં, તારું કર્તવ્ય પૂરું થયું હશે, તું જગતના જંગમાં જિતી ગયેલો મહાન વિજેતા હોઈશ. આ બધું તને તારી સમતા જ અપાવશે. તારે ફક્ત મમતાને છૂટી પાડી માત્ર જ્ઞાતા દૃષ્ટારૂપે જોયા કરવું. જે કાંઈ સંસારનાં ચિત્રવિચિત્ર નાટકો થાય તેમાં તારે ભળ્યા વગર સમતાથી મધ્યસ્થ રહેવું અને એક સુવર્ણ પ્રભાત તને પરમાત્મા તરીકે પૂજવા વાટ જોતું હશે. વંદન હો એ ભગવતી માતા સમતાને!

## સાચી કમાણી કઈ ?

વર્તમાન કાળમાં "કમાવાના કાંકરા અને ખોવાના હીરા" જેવું બને છે. કમાવાનું ન બને તો કાંઈ હરકત નથી પણ ખોવાનું ન બને તો અતિ ઉત્તમ. ખોવાય નહિ એટલી કાળજી રહે તો પણ બસ છે. કમાવું છે તે પણ મેળવવા માટે છે, પણ ખોવા માટે નથી. પોતાનું ખોઈને કમાણી થતી હોય તો તે કમાણી નકામી છે, કમાઓ પણ ખોશો નહિ. એટલું ખ્યાલમાં રાખવું કે કમાવાનું છે પારકું (પરવસ્તુનું) અને ખોવાનું છે પોતાનું (જ્ઞાન–દર્શન). અંતે તો કમાએલું સઘળું ખોયા સિવાય મુક્તિ–છૂટકારો નથી, છતાં પોતાનું મેળવવા કેટલીક કમાણી (પુન્ય)ની આપણને જરૂર ખરી. પુન્યની સહાયતાથી આપણે આપણું જ્ઞાન, દર્શન, સુખ, આનંદ વગેરે મેળવી શકીએ છીએ.

—જ્ઞાનપ્રદીપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાલ્હનપુર અને પહ્લવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યા?

લે૦ વૈદ્ય-વિશ્વબંધુ પંડિત—પ્રાંતિજ (ધનવંતરિ આયુર્વેદ ચિકિત્સાલય.)

તીર્થો અને તીર્થંવત્ વિહારો માનવહૃદયમાં ભક્તિઉત્પાદન, ભક્તિપ્રવાહપ્રકર્ષ અને ભક્તિમહાસાગરને ભરવા માટે જ નિર્માયાં છે.

ઇતિહાસ એ શાસ્ત્રનું એક અંગ છે. એના વિના શાસ્ત્રકથિત બાબતો સત્યરૂપ પામતી નથી. એની ભૂમિકા સદા ચર્ચાસ્પદ રહે છે પરન્તુ પ્રમાણ મળતાં તે છેલ્લું રૂપ પામીને સત્યરૂપ મેળવે છે.

આજના વિદ્વદ્ સમાજમાં એનું મહત્ત્વ ઓછું નથી. એમાં કામ કરનારા વિદ્વાનો સદા કાગળનાં સડેલાં પાનાંનાં ટુકડાને અને નાશ પામી ગએલા અબોલા પત્થરોના ટુકડાને પણ તપાસે છે. અને નાશ પામેલા તેમાંથી જે સત્ય જડે છે તે સમાજ સમક્ષ રજૂ કરે છે. વિદ્વાનો વિચારે છે અને પોતાની અપૂર્ણ સત્યપ્રતીતિમાં ઉમેરો કરી પૂર્ણતા લાવે છે, પરન્તુ ખાસ કરીને આ બાબતમાં જૈન સંપ્રદાયમાં કામ કરનારા કવચિત્ અને આંગળીને વેઢે ગણતાં વેઢા પણ પૂરા થવાનો સંભવ નથી. આ બાબત એવી છે કે તેમાં કેવળ પાંડિત્ય કામ આપી શકતું નથી, તેમ આ વિષય માટે જૈન સંપ્રદાયમાં સામાન્ય સમૂહથી પત્રકારો સુધી તેનું મહત્ત્વ પણ સમજાતું હોય એમ જોવામાં આવતું નથી, છતાં તે ઉપયુક્ત અને અનિવાર્ય સમજી પ્રવૃત્તિ કરવી ઉપયોગી છે, એમ જાણી આ વિષય લખાય છે.

આવી બાબતો સાથે દંતકથાને ઘણો જ નજીકનો સંબંધ છે. પ્રત્યક્ષવાદી—ઐતિહાસિકો એને જૂઠી સમજે છે, પરન્તુ એ કથાઓમાં જે સત્યો સમાએલાં હોય છે તે સાલવારીઓના આંકડામાં હોતાં નથી છતાં સાલવારીઓ નકામી નથી, પરન્તુ દંતવારીઓના ઓછા વધારેપણાને, ઉલટસુલટપણાને અને કાળનિશ્ચયને બતાવે છે. અર્થાત્ સાલવારી દંતકથાઓની પૂરક છે. તેથી બન્ને ઉપયોગી છે. એટલે દંતકથા એ સાલવારી વિનાનું સત્ય છે.

પાલણપુર એ એક પુરાતન નગર છે. ગ્રંથસ્થ સાલવારીની દૃષ્ટિએ સં. ૧૨૭૪માં પ્રહલાદનપુર નામ મળે છે (પ્ર૦ સં. ભા૦ ૧લો જૈ. સા. પ્ર. પા. ૭૯) પટ્ટાવલીઓના પુરાતન વિભાગમાં કોઇ પ્રસંગે આ નગરનું નામ જોવામાં આવતું નથી પરન્તુ સં. ૧૪૬૬માં તપાગચ્છાચાર્ય મુનિસુંદરસૂરિએ લખેલી ગુર્વાવલી જે વિજ્ઞપ્તિત્રિદશતરંગિણીના ત્રીજા સ્રોતરૂપ છે, અને એકસઠમો તરંગ છે, તેમાં પેથડશાહે કરાવેલાં દેવાલયોનો નોંધ આપ્યો છે. તે પૈકી એક ઉલ્લેખ આ છે કે **आद्यः पर्णविहारनामनि पुरे.** (પૃ. ૧૯, શ્લો. ૧૦૬) આ ચૌદમી સદીનો પૂર્વાર્ધ હતો. તે સિવાય સં. ૧૫૦૪ના પંડિત નયરત્નગણિએ લખેલા હરિવિક્રમચરિત્રની પુષ્પિકામાં **पानविहानगरे** નામ મળે છે. **પાહલનપુર**ના પાર્શ્વનાથને લોકો **પલવિયાપાર્શ્વનાથ** નામથી ઓળખે છે. ચૌદમી સદીમાં જ ખરતરગચ્છાચાર્ય જિનપ્રભસૂરિએ વિવિધ તીર્થકલ્પમાં તીર્થનામસંગ્રહ સાથે કેટલીક ટૂંકી નોંધો આપી છે. તેમાં આ પાર્શ્વનાથના નામનો નોંધ નથી, પરન્તુ મુનિસુંદરસૂરિજી પેથડશાહના વખતમાં શ્લો. ૧૬૪માં **प्रह्लादनोर्वीपतिचैत्यमण्डपे** એવો ઉલ્લેખ કરે છે. વાદી પદ્મસાગર ગણિએ જગદ્ગુરુ કાવ્યમાં પણ **श्रीपह्लादनपार्श्वनाथसदनं** (પૃ. ૧, શ્લો. ૪) એમ લખ્યું છે, આ ગામનું પુરાતન નામ શું હતું? અને કોણે વસાવ્યું? એ વિશે ખાસ ઉલ્લેખ હીરસૌભાગ્યકાવ્ય અને વિજય પ્રશસ્તિકાવ્યમાં હોવાનો વિશેષ સંભવ છે, પરંતુ એ બન્ને ગ્રંથો મારી પાસે નથી પરંતુ આ વિશે કવિ ઋષભદાસે હીરસૂરિરાસ અને કવિબહાદુર દીપવિજયજીએ સોહમકુલરત્નપટ્ટાવલી રાસમાં વર્ણનો આપ્યાં છે તેનું અહિં મૂળ આપવામાં આવે તો લંબાણ થાય તેથી અર્થતઃ બન્ને બાબતો રજૂ કરીએ છીએ.

**કવિ ઋષભદાસ:—**

ધાંધાર પ્રગણાનો રાજા પરમાર પાહ્લદેવ જેણે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાહ્લણપુર વસાવ્યું, તેની પૂર્વરાજધાની આબૂપર્વત ઉપર હતી. તે વખતે તેણે ધર્મદ્વેષને લીધે અચલગઢની તળેટીમાં આવેલા જૈન દેવાલયની પિત્તળની જિનમૂર્તિને ગાળી પોઠીઓ કરાવી દેવળમાં શંકર લિંગની સ્થાપના કરી હતી. પછીથી રાજા પાહ્લદેવને કોઢનો રોગ થયો હતો, તેથી તે રાજ્યનું કામ કરી નહીં શકવાથી ગોત્રીઓએ રાજ્યનો કબજો લીધો હતો, તેથી પાહ્લદેવ વિદેશયાત્રાએ નિકળ્યો. રસ્તે જતાં તેને **જૈનાચાર્ય શીલધવલ** મળતાં મહાત્મા જાણી પગે લાગ્યો, અને વિનંતિ કરી કે–મેં જિનમૂર્તિ ગાળીને પોઠીઓ કરાવ્યો પછી કોઢ થવાથી મારા સગાએ રાજ્ય લઇ લીધું છે. રોગની પીડાથી હું વિદેશ યાત્રાએ નિકળ્યો છું. આપ કૃપા કરીને કરેલું પાપ નાશ પામે અને રોગ મટી જાય તેમજ ગએલું રાજ્ય પાછું મળે એવો ઉપાય બતાવો તો કદી હું આપનો ઉપકાર નહી ભૂલું. આચાર્ય શીલધવલે જવાબમાં કહ્યું કે—

આ જગતમાં મોટું પુણ્ય અને મોટું પાપ તુરત જ ફળે તેથી આપને આપે કરેલા પાપનું ફળ આ જ જન્મમાં મળ્યું છે. જો એ પાપથી મુક્ત થઇ નિરોગી થવા ઇચ્છતા હો તો દાન આપો, બની શકે તે તપ કરો, બ્રહ્મચર્ય અને આચાર પવિત્ર રાખો અને તમારા મનને રાગદ્વેષથી રહિત કરી એક નવી જિનમૂર્તિને કરાવો, અને જિનમૂર્તિને નવરાવતા નિકળેલા પાણીને શરીરે લેપન કરો તેથી તમારો કોઢ રોગ મટશે અને અન્ય સઘળી આશાઓ પૂરી થશે

પરમાર પાહ્લદેવે આચાર્યના ઉપદેશ મુજબ હમેશાં જિનમૂર્તિની પૂજા કરી તેના સ્નાન જલથી શરીરસ્નાન કરવું શરૂ કર્યું, તે સાથે શક્તિ પ્રમાણે દાન વિગેરે પણ કરવા લાગ્યો. ધાર્મિક દ્વેષ તજી દીધો અને જિનેશ્વરનો પરમભક્ત બની ત્રિકાળ પૂજા કરવા લાગ્યો. પરિણામે તેને કોઢરોગ મટ્યો અને સાજો થતાં રાજ્યનો કબજો લીધો. તેણે આબૂ પહાડ છોડીને પાસેના ધાંધારમંડલમાં ગામ વસાવ્યું અને દરબારગઢ તથા પાર્શ્વનાથના દેવાલયનો પાયો નાખ્યો, અને એવી ગોઠવણ કરી કે પોતે રાજમહેલની બારીમાંથી દેવળમાંની મૂર્તિના દર્શન કરી શકે. આમ પરમાર પાહ્લદેવે પાહ્લવિહાર અને પાહ્લણપુર સ્થાપ્યું. આ રાજા કયારે થયો તે ઋષભદાસ કવિએ લખ્યું નથી.

આનંદકાવ્યમહોદધિ મૌ. ૫ મું. પૃ. ૮/૧૦

**કવિબહાદુર દીપવિજયજી:—**

"સં. ૨૦૦ માં આબૂ પહાડ ઉપર પરમાર **આસપાલ રાજાએ અચલગઢનો કિલ્લો** બંધાવ્યો, જેની સાલ હતી ૮૩૪. તેના વંશજોએ બસો વર્ષ આબૂ અચલેશ્વરમાં રાજ્ય કર્યું. પછી ચૌહાણ રાજા પાલણે રાજ્ય લીધું. તે સં. ૧૦૦૧ માં આબૂની ગાદીએ બેઠો હતો. તેણે અચલગઢની તળેટીમાં આવેલા જૈનદેવાલયની મૂર્તિ ગાળી પોઠીયો કરાવ્યો અને દેવાલયમાં શંકરની સ્થાપના કરી, કરાવેલો નંદિ સ્થાપ્યો. તે પછી ઋષભદાસે આપેલી વિગત મુજબ બધું કહીને જણાવે છે કે–એને આબૂનું રાજ્ય મળ્યા પછી પાર્શ્વનાથની પ્રતિમા કરાવી. જેમ સુકાએલા ઝાડને નવા પલ્લવ આવે છે તેમ પોતાનું શરીર નવપલ્લવ થવાથી **પલ્લવિયાપાસ** સ્થાપ્યું. અને સં. ૧૦૦૧માં પાહ્લણપુર શહેર વસાવ્યું. તે પછી ઘણા વર્ષો સુધી તે જુના ખેડ જેવી એટલે ઉજ્જડ સ્થિતિમાં રહ્યું, પછી ફરી પાલણ નગર વસ્યું. જેમાં **પલ્લવપાસપ્રભુ** બિરાજે છે, જેની પાસે ધરણેંદ્ર અને પદ્માવતીદેવી શોભે છે." પૃ. ૮૫ થી ૮૮.

ભારતનો પ્રાચીન ઇતિહાસ જોઇએ તો અઢી હજાર વર્ષમાં પ્રદ્યોતવંશે, નંદવંશે અને મૌર્યવંશે રાજ્ય કર્યું છે. એ સાર્વભૌમ જૈન રાજવંશી હતા. આબૂ ભા. ૩. પૃ. ૭ ઉપર જયંતવિજયજીએ લીધેલી નોંધ જે જિનપ્રભસૂરિજીના વિવિધ તીર્થકલ્પની છે, તેમાં જણાવ્યું છે કે વિ. સં. ૧૭૯ પૂર્વે આર્યસુસ્થિતસૂરિ આબૂથી અષ્ટાપદની યાત્રાએ ગયા હતા. વીરવંશાવલી નામે પટ્ટાવલીમાં જણાવ્યું છે કે વિક્રમના વખતમાં એટલે વિક્રમ સંવત્ પૂર્વે વીસ વર્ષની અંદર પાદલિપ્તાચાર્ય આબૂ વિગેરે પાંચ તીર્થોની યાત્રા કરતા. ઇંદ્રહંસગણિએ ઉપદેશ કલ્પવલ્લીનાં ૩૬ મા પલ્લવમાં અને રત્નમંદિરગણિકૃત ઉપદેશતરંગિણિમાં (પૃ. ૩૪૧ અને પૃ. ૪) ધનેશ્વરસૂરિએ શત્રુંજય માહાત્મ્યમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આદિકાળે ચક્રવર્તિ રાજા ભરતે આબૂ ઉપર દેવલ બંધાવ્યાનું લખ્યું છે. પૌરાણિકોએ લખ્યું છે કે અહિં તપ કરતા વસિષ્ઠઋષિની ગાય ખાડામાં પડવાથી ઋષિએ હિમાલયને પ્રાર્થના કરી પોતાના પુત્ર નંદિવર્ધનને વસિષ્ઠઋષિનાં દુઃખ મટાડવા મોકલવાથી તે અહિં આવ્યો. અર્બુદ એ આખા પહાડનું નામ છે અને નંદિવર્ધન એ અચલગઢનું નામ છે, એવો પૌરાણિક વિચાર છે. અચલ નામ પહાડનું છે, ગઢ કિલ્લાવાચક છે, જેનો અર્થ પહાડી કિલ્લો થાય છે. પહાડનો આકાર પોઠિયા જેવો હોવાથી આ વાર્તા લખાઇ છે. નજરે જોનાર તેને પારખી શકે છે. પૌરાણિકોના લખવા મુજબ આપેલું **નંદિવર્ધન** નામ વિચારીએ તો એ નામે નંદવંશનો પહેલો રાજા થયો છે. જે આખા ભારતનો રાજા થયો છે. તેમના મતે હાલ કહેવાતું અચલગઢ તળેટીમાં આવેલા દેવાલયનો પાયો તેણે જ નાખી કિલ્લો બંધાવેલો હોવો જોઇએ. જેનો સમય વિ. સં. પૂર્વે ૪૧૦ ગાદીએ આવ્યાનો છે. અર્બુદ સર્પની વાતનો સાર એ છે કે—આ પહાડ ઉપરના દેવાલયો અંબુદ જેવા વર્ણના સર્પયુક્ત પાર્શ્વનાથનાં હતાં. અર્બુદ શબ્દ સંસ્કૃતની દૃષ્ટિએ કલ્પાયો છે, પણ ખરો શબ્દ અંબુદગઢ એટલે વાદળાં સુધી પહોંચતો પહાડ, એ અર્થ સાર્થક છે. **અંભોદ** શબ્દનો અર્થ પણ વરસાદનાં વાદળાં થાય છે. પછી કવિઓ ગમે તે કલ્પે. દીપવિજયજીએ નોંધેલી વાત **પરમાર આસરાજે** કિલ્લો બંધાવ્યાની છે, પૌરાણિકોના મત પ્રમાણે તો કિલ્લાનો પાયો નંદવંશના વખતમાં નખાયો છે. મૌર્યોએ તેને જીવતો રાખ્યો જ હશે અને પછી ઉજ્જૈનના કુરુવંશી યુવરાજ અને ગંધર્વસેને પણ સંભાળ્યો હશે. તેમના પછી શક રાજાઓએ પણ એને અગત્યનો માન્યો હોય એ બનવાજોગ છે. કવિરાજે નોંધ્યા મુજબ પરમારોએ પણ તેનું આધિપત્ય ભોગવ્યું અને તેના જ નિયુક્ત પરમાર—વંશપરંપરાએ અચલગઢના કિલ્લાને સંભાર્યો હોય એ બનવા યોગ્ય છે. જો **આસરાજને** ૮૩૪માં થએલો માનીએ તો તેઓએ જણાવ્યા મુજબ બસો વર્ષ સં. ૧૦૩૪માં થાય. આ બાબત ઉપર વિચાર કરતાં સર્વોપરી સત્તા વિચારવાની નથી, ઉપર જણાવેલ સમય ગુજરાતના રાજા ભીમદેવના વખતમાં આવે છે. આ વખતે અંબુદગઢ એની તળેટી નજીક આવેલી ચંદ્રાવતી નગરના પરમાર રાજા ધંધુકની હતી. (જુઓ રાસમાળા—ફાર્બસકૃત આ. ૩ પૃ. ૧૨૩ ભા. ૧) એ જ સમયે ભીમદેવના મંત્રી વિમલશાહના રીસામણાને લીધે તેનો વિશાળ રસાલો જોઇ ચંદ્રાવતી છોડી ગએલા ધુંધુરાજની ચંદ્રાવતીનો કબજો મંત્રી વિમળે લીધો હતો, એ વાત પ્રસિદ્ધ છે. તે સિવાય પૃ. ૩૭૪માં લખ્યું છે કે ધારાવર્ષના ભાઇ રણધીર પ્રલ્હાદનદેવે વસાવેલું પાલણપુર પણ ચંદ્રાવતીના રાજવંશને તાબે હતું. પાલણપુરના રાજા ધુંધરાજને ભીમદેવ સાથે કોઇ કારણે વિરોધ થવાથી તેણે માળવાના ભોજની સત્તા સ્વીકારી હતી (વિમલ અંબુદગિરિ ચૈત્ય પ્રશસ્તિ શ્લો. ૬) તેથી ભીમે મંત્રી વિમલદ્વારા ચંદ્રાવતી તાબે કર્યું હતું. પરમાર રાજા યશોધવલને બે પુત્રો હતા ૧ **ધારાવર્ષ**, ૨ **પલ્હાદનદેવ. ધારાવર્ષ** સં. ૧૨૨૦ થી ૧૨૬૬ સુધી રાજ્ય ઉપર હતો, કે જે પાટણના રાજા **કુમારપાલનો** સમય છે. સં. ૧૭૪૨ એટલે અઢારમી સદીમાં થએલા **વાચક વિનયશીલ** અને **વાચક પ્રેમચંદે** પોતાની ચૈત્યયાત્રા અને સ્તવનમાં કુમારપાલે કરાવેલા શાંતિનાથ ચૈત્યની ત્રણ મૂર્તિઓ ગાળીને આજ **પરમાર પ્રલ્હાદને નાંદિ** કરાવવાથી તેને કોઢ થયો અને વાર્તામાં લખ્યા પ્રમાણે રોગ મટતાં તેણે **પાલણપુર** વસાવ્યું. હાલ વિદ્યમાન પોઠીયો પિત્તળનો જ છે અને તેના ઉપર સં. ૧૪૬૪નો લેખ હોઇ બાજુમાં પિત્તળની જ બનેલી સં. ૧૬૮૬ની ચારણ કવિ દુરાસા આઢાની મૂર્તિ છે. પાસે જ મંદાકીની કુંડના ઉત્તર કિનારે આરા ઉપર પત્થરના ત્રણ પાડા જેના પેટમાં સળંગ કાણું છે અને પાસે જ પરમાર ધારાવર્ષની સં. ૧૫૩૬ ફા. વ. ૬ માં બનેલી ધનુષધારી પાડા વિંધતી મૂર્તિ છે. જે શ્વેત આરસની બનેલી છે. જુઓ રાસમાળા પૃ. ૩૭૫—૭૫ ચંદ્રાવતીના પરમાર તથા અચલગઢ ભા. ૩ જો પૃ. ૬૫—૬૬ તથા જાતિ અવલોકન. (અપૂર્ણ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રી સિદ્ધચક્રના યંત્રનું સ્વરૂપ દર્શાવતું

# શ્રી નવપદજીનુ પ્રાચીન ચૈત્યવંદન–સાર્થ

વિવેચનકાર–પૂ૦ પં૦ શ્રી રામવિજય ગણિવર

**જો ધુરિસિરિ અરિહંત મૂલ દઢપીઠ પઇટ્ઠિઓ,**
**સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહુ ચિહું સાહ ગરિટ્ઠિઓ.**
**દંસણ નાણ ચરિત્ત તવ હિ પડિસાહ સુંદરુ,**
**તત્તક્ખર સરવગ્ગ લદ્ધિ ગુરુ પય દલ દુંબરુ. ૨**
**દિસિવાલ જક્ખ જક્ખિણિ પમુહ**
**સુર કુસુમેહિં અલંકિઓ,**
**સો સિદ્ધચક્ક ગુરુ કપ્પતરુ અમ્હ મનવંછિય**
**ફલ દીઓ. ૩**

**અર્થ**–શ્રી સિદ્ધચક્રને કલ્પવૃક્ષની ઉપમા આપી ઘટના કરે છે. કલ્પવૃક્ષ રાખવા ચોતરો–પીઠ જોઇએ; શાખાઓ અને પ્રતિશાખાઓ તેમજ પાંદડા અને પુષ્પોથી કલ્પવૃક્ષ યુક્ત હોય છે; આડંબર સહિત છે, સુશોભિત છે. વિગેરે વિગેરે, દ્રવ્યથી કલ્પવૃક્ષનું વર્ણન કરવામાં આવ્યું છે, પરંતુ ભાવથી કલ્પવૃક્ષ સ્વયમેવ સિદ્ધચક્રજી છે; તેનો ઉપમા–ઉપમેય ભાવ દર્શાવાય છે. આ સિદ્ધચક્રરૂપ કલ્પવૃક્ષનું રક્ષણ કરવા ચોતરો–પીઠ સ્થાન જોઇએ તેને માટે પ્રથમ અને મુખ્ય અરિહંત પદ વચ્ચે શોભા યુકત છે; વળી શાશ્વત જંબૂવૃક્ષ-(પૃથ્વીરૂપ વૃક્ષ)ને શાશ્વતી ચાર મોટી શાખા અને શાશ્વતી ચાર નાની શાખાઓ હોય છે; તેજ ઉપનયથી આ ભાવથી કલ્પવૃક્ષમાં અકેક અકેક દિશાના સ્થાનમાં મોટી શાખારૂપ સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય અને સાધુના ચાર પદો આવેલ છે. વળી ચાર વિદિશાઓમાં નાની નાની શાખાઓરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ ચાર પદો આવેલા છે. આ કલ્પવૃક્ષના ભાવરૂપમાં પૂર્વ દિશા તરફ સિદ્ધપદ, દક્ષિણમાં આચાર્યપદ, પશ્ચિમમાં ઉપાધ્યાય પદ અને ઉત્તર દિશામાં સાધુપદ છે; અગ્નિકોણરૂપ વિદિશામાં દર્શનપદ શોભા ધરાવે છે, નૈઋત્યરૂપ વિદિશામાં જ્ઞાનપદ, વાયવ્ય વિદિશામાં ચારિત્રપદ અને ઇશાન વિદિશામાં તપપદ પ્રકાશે છે. એવી રીતે ચાર દિશા અને ચાર વિદિશાની શોભારૂપ આ આઠ પદો છે અને વચલું મુખ્ય પ્રથમ પદ મૂળ રૂપે રહેલ છે.

અહિં પાંદડારૂપે ૐ હ્રીઁ શ્રીઁ એવા તત્વભૂત અક્ષરો છે. એ ત્રણમાં પ્રથમ પ્રણવબીજ, બીજું માયાબીજ અને ત્રીજું લક્ષ્મીબીજ છે; આ સંબંધમાં પરમાર્થ શ્રી રત્નશેખરસૂરિકૃત માગધી સિરિવાલકહા નામના ગ્રંથમાંથી મેળવવો (સ્વરૂપ જાણવું). વળી સોળ સ્વર અને તેત્રીશ વ્યંજનરૂપ પાંદડા (ભાવથી) જાણવા; અઠ્ઠાવીશ લબ્ધિરૂપ તેમજ ગુરુપાદુકારૂપ પણ પર્ણો જાણવા. ભાવથી પુષ્પો આ રીતે છે; દસ દિક્પાલ; ચોવીશ યક્ષ, ચોવીશ યક્ષિણીઓ પ્રમુખ જે દેવી તે રૂપ ભાવ પુષ્પોથી આ સિદ્ધચક્રરૂપ કલ્પવૃક્ષ અલંકૃત છે.

પ્રતિષ્ઠા વિગેરે શુભ કાર્યોમાં દસ દિક્પાલોનું તથા નવ ગ્રહોનું, યક્ષ યક્ષિણીઓનું પૂજન કરવામાં આવે છે તેમજ દસ દિક્પાલ તથા ચોવીશ યક્ષ યક્ષિણીઓનું વર્ણન 'સંતિકરમ્' નામના ત્રીજા સ્મરણમાં આવે છે; તેમજ આ ત્રીજા સ્મરણમાં શાસનરક્ષક ચોવીશ યક્ષો અને શાસનરક્ષિકા ચોવીશ યક્ષિણીઓનાં પવિત્ર નામો ગાથાબદ્ધ કહેવામાં આવ્યા છે. સોળ દેવદેવીઓ 'તિજયપહુત્ત' તથા 'મોટી શાંતિ' માં છે. આ રીતે ભાવકલ્પવૃક્ષરૂપ આ સિદ્ધચક્રજી અમને મનોવાંછિત ફળ આપો એવી પ્રશસ્ત માગણી અમો કરીએ છીએ.*

---

* અપૂર્વ શ્રી સિદ્ધચક્રજીનો આરાધનારૂપે જાપ આ પ્રમાણે કરવો. વીશ નવકારવાળી ગણવાની છે. મંત્ર આ રીતે—

ॐ ह्रीँ श्रीँ विमलेश्वरचक्रेश्वरीपूजिताय श्रीसिद्धचक्राय नमः ॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનન્દપ્રાપ્તિના માર્ગો

અનુ—વિઠ્ઠલદાસ મૂ. શાહ

ઓગણીસમી સદીના સુવિખ્યાત રાજ્યનીતિજ્ઞ બિસ્માર્કનું કથન છે કે "મારા આખા જીવનમાં એક દિવસ પણ મને આનન્દની પ્રાપ્તિ નથી થઇ." જો કે ૫૭ વર્ષ સુધી ધનધાન્ય, આદરસન્માન, બળ, પૌરુષ, લક્ષ્મી, કીર્તિ, વિજય, વિભવ, શક્તિ, પ્રભાવ આદિ સર્વ પ્રકારના સુખની તથા એક મહારાજ્યના અધિકારની તેને પ્રાપ્તિ થઇ હતી તો પણ બિસ્માર્કે એક પણ દિવસ સાચા આનન્દનો અનુભવ કર્યો નથી એ તેના ઉપરોક્ત વચનથી પ્રતીત થાય છે.

પ્રકૃતિમાં આનન્દ પણ એક વિલક્ષણ વસ્તુ છે. આનન્દપ્રાપ્તિ માટે જગતમાં કોઇ નિયત સ્થાન નથી. સર્વ સ્થળે અને સર્વ સ્થિતિમાં આનન્દની પ્રાપ્તિ થઇ શકે છે. કોઇ કોઇ વખત તે એવા સ્થળોમાં પ્રાપ્ત થઇ શકે છે કે જ્યાં એની સ્વપ્ને પણ સંભાવના ન હોઇ શકે. તેમ જ કોઇ કોઇ વખત તે એવા સ્થળોમાં મળી શકતો નથી કે જ્યાં તેની સંપૂર્ણ આશા હોય. કેટલીક વખત ફાંસી પર ચઢનાર મનુષ્યોને જે આનન્દની પ્રાપ્તિ થાય છે તે રાજા મહારાજાઓને પણ થતી નથી. આ ઉપરથી વાસ્તવિક હકીકત એ સિદ્ધ થાય છે કે–આનન્દ કોઇ બહારની વસ્તુ પર આધારભૂત નથી, પરંતુ હૃદયની આન્તરિક ગતિ ઉપર તેનો મુખ્ય આધાર રહેલો છે. જેથી બાહ્ય વસ્તુઓ પ્રતિકૂળ હોય તો પણ સાચો આનન્દ પ્રાપ્ત થઇ શકે છે. આનન્દની ઉત્પત્તિ હૃદયમાં થાય છે. હૃદય તેનું ઉદ્ગમ સ્થાન છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ સર્વ પદાર્થો ઉપર પડે છે તેવી જ રીતે આનન્દનો પ્રભાવ બાહ્ય પદાર્થો પર સ્વયમેવ પડે છે. ઘણે ભાગે સર્વ મનુષ્યો આનન્દની શોધમાં જ હોય છે, પરન્તુ તેઓને આનન્દની પ્રાપ્તિ ત્વરાથી થતી નથી. તેનું કારણ એ છે કે–તેઓ જે વસ્તુઓમાં તેને શોધ્યા કરે છે, તે વસ્તુઓમાં આનન્દનો સર્વથા અભાવ હોય છે. મનુષ્ય એમ સમજે છે કે દ્રવ્ય અથવા સંપત્તિની પ્રાપ્તિમાં આનંદ રહેલો છે અથવા અમુક વસ્તુ મેળવવાથી પોતાને આનન્દ મળશે; પરંતુ આ સર્વ ભ્રમિત વિચાર છે. વસ્તુતઃ અમુક વસ્તુ હોવા કે ન હોવા ઉપર આનન્દનો આધાર છે એમ નહિ, પરંતુ હૃદયની શાંતિ ઉપર તેનો ખરો આધાર છે. આનન્દ પ્રાપ્ત કરવા માટે કોઇ પ્રકારના પરિગ્રહ અથવા આડંબરની આવશ્યકતા નથી. ચિત્તની શાંતિ અને એકાગ્રતાનું જ નામ આનન્દ છે. આ વાત દરેક મનુષ્યને દરેક સ્થિતિમાં સુલભ છે અને તે મનુષ્ય પોતે સહેલાઇથી પ્રાપ્ત કરી શકે છે. આમ હોવાથી આનન્દપ્રાપ્તિ માટે અન્ય વસ્તુઓ ઉપર આધાર રાખવાની જરૂર નથી. જે વસ્તુઓનો મનુષ્યો સંગ્રહ કરે છે તેની સાથે આનન્દને કશો સંબંધ નથી. મનુષ્યના આત્માની જે કાંઇ ઉન્નતિ અથવા અવનતિ થાય છે તેના ઉપર સુખ દુઃખનો આધાર છે.

અનેક અવસ્થાઓ એવી હોય છે કે જે સ્થૂલ દૃષ્ટિએ આનન્દ સમાન પ્રતીત થાય છે, પરંતુ વાસ્તવિક રીતે એમ હોતું નથી. એક અવસ્થા એવી હોય છે કે જેમાં મનુષ્યને ઇચ્છાનુસાર વસ્તુઓ મળે છે અને તે એને આનન્દ સમજવા લાગે છે; પરંતુ ખરી રીતે જોતાં તે અપૂર્ણ હોય છે. જો કે તેની અંદર આનન્દનો કંઇક અંશ આવી જાય છે તો પણ તેને સંપૂર્ણ આનન્દ કહી શકાતો નથી. આવી અવસ્થામાં મગ્ન થઇ જવું તે પૂર્ણને બદલે અપૂર્ણનો સ્વીકાર કરવા જેવું છે. વળી એક અવસ્થા એવી પણ છે કે જેમાં આપણી ઇચ્છાઓ અને આપણી ઇચ્છિત વસ્તુનું એકત્વ થઇ જાય છે. આ અવસ્થાને પણ સંપૂર્ણ આનન્દની અવસ્થા કહી શકાતી નથી; કેમકે જ્યાં સુધી તે બન્નેમાં એકતા હોય છે ત્યાં સુધી જ એ અવસ્થા ટકે છે, પરંતુ સહેજસાજ અંતર થાય છે કે તરત જ તે અવસ્થામાં ભંગ પડે છે. મનુષ્યની ઇચ્છાઓમાં હમેશાં પરિવર્તન થયા કરે છે. એક વસ્તુ પ્રાપ્ત થાય કે પછી તરત જ બીજી વસ્તુ પ્રાપ્ત કરવા માટે ઇચ્છાનો ઉદ્ભવ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હજુ તો એક ઇચ્છા પૂર્ણ થતી નથી ત્યાં તો બીજી ઇચ્છા ઉત્પન્ન થાય છે, પરંતુ ઇચ્છિત વસ્તુ મળવામાં જરા પણ વિલંબ થાય છે તો અશાંતિ થવા લાગે છે. ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ તો દૂર રહી, પરંતુ કદાચ કોઇ માણસને સંસારની સમગ્ર વસ્તુ પ્રાપ્ત થાય તો પણ તે આનન્દથી વંચિત રહે છે; કેમકે આત્મિક સુખ એ જ ખરો આનન્દ છે, જે શારીરિક અને માનસિક સુખોથી ભિન્ન છે.

લોકો સંતોષને પણ કેટલીક વખત આનન્દ માની બેસે છે; પરંતુ મનુષ્યો જેને સંતોષ માને છે તે સંતોષ કહેવાતો નથી. સંતોષમાં નિરાશાનો કંઇક અંશ હોય છે. આથી મનુષ્યોને અસલ વસ્તુને બદલે નકલ વસ્તુથી ચલાવી લેવું પડે છે. સંતોષી મનુષ્યને દૂધને બદલે છાશ આપવામાં આવશે તો પણ તે પીવાથી તેને દુગ્ધપાન જેટલી પ્રસન્નતા થશે. કોઇ ભૂતકાળના આનંદપ્રદ પ્રસંગનું સ્મરણ કરીને પણ સંતોષી મનુષ્ય પ્રસન્નચિત્ત બને છે. સંતોષથી મનુષ્યની માનસિક તેમજ નૈતિક શક્તિ નબળી બની જાય છે અને તે ઊર્ધ્વગામી થવાને પ્રયત્ન કરી શકતો નથી. સંતોષ એક પ્રકારનો ઉત્તમ ગુણ છે એ નિઃસંદેહ છે. દરેક મનુષ્યમાં સંતોષ અવશ્ય હોવો જોઇએ, પરંતુ સંતોષ આત્મોન્નતિ સાધવામાં બાધકર્તા ન થઇ પડે એ ખાસ લક્ષમાં રાખવાનું છે. મનુષ્યે દિનપ્રતિદિન પ્રગતિશીલ રહેવું જોઇએ. એક ઇચ્છિત વસ્તુ મળે તે વખતે સંતોષ જરૂર થવો જોઇએ, પરંતુ આથી એમ સમજવાનું નથી કે તેને હમેશને માટે સંતોષ થવો જ જોઇએ અને તેણે નિરંતર એક જ સ્થિતિમાં પડ્યા રહેવું જોઇએ. જે કાંઇ મનુષ્યની પાસે હોય તેનાથી તે સમયે તો તેણે સંતોષ રાખી લેવો જોઇએ. ધનધાન્યથી સંતુષ્ટ થઇ શકાય, પરંતુ ગુણપ્રાપ્તિ કરવામાં અને આત્મોન્નતિ સાધવામાં કદિ પણ સંતોષને સ્થાન મળવું જોઇએ નહિ. જ્યાં સુધી મનુષ્ય અનન્તગુણ ધારણ કરે ત્યાં સુધી ગુણોની વૃદ્ધિ અને વિકાસ કરતાં તેણે અટકવું જોઇએ નહિ.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે સંતોષ અને પ્રસન્નતાને આનન્દ કહી શકાશે નહિ. પ્રસન્નતા અલ્પ સમય સુધી રહેનારી વસ્તુ છે, પરંતુ આનન્દ સદાકાળ ચિરસ્થાયી છે. વિવેકશક્તિથી પ્રતિકૂળ વર્તવાથી પણ પ્રસન્નતા મેળવી શકાય છે, પરંતુ આનન્દ કદિ પણ મેળવી શકાતો નથી. કોઇ વખત પ્રસન્નતા દુઃખનું રૂપ ધારણ કરી શકે છે, પરંતુ આનન્દ તો સદૈવ આનન્દ જ રહે છે.

( ચાલુ )

# વર્તમાન–સમાચાર

## શ્રી ગુરુદેવ જયન્તી

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પૂજ્ય મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ માગશર વદી ૬ તા. ૩–૧–૫૬ ના રોજ હોવાથી શ્રી દાદા સાહેબ જિનાલયમાં સવારે શ્રી પંચ પરમેષ્ઠીની પૂજા ભણાવવા વગેરેથી ભક્તિ કરી જયંતિ ઉજવવામાં આવી હતી. શ્રી દાદા સાહેબના જિનાલયમાં તથા પૂજ્ય મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની દેરીએ સોનાના પાનાની અંગરચના કરવામાં આવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના

**सम्यग्दर्शन के अधिकारियों को विचारने योग्य कुछ** પ્રેરકઃ શેઠ રાવતમલજી બોથરા–પુનરાસરવાલા. પ્રાપ્તિસ્થાનઃ રાવતમલ હરખચંદ બોથરા–પુનરાસરવાલા. ઓસવાલ કોઠારીયોંકી ગવાડ–બીકાનેર.

જિન–પ્રતિમા અને જિનમંદિર સમ્યગ્દ્રષ્ટિની પ્રાપ્તિમાં કેટલો મહત્વનો ભાગ ભજવે છે તે વસ્તુનો ટૂંકો ઉલ્લેખ આ લઘુ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે. સ્થાનકવાસી અને તેરાપંથીઓને સંબોધીને આ લખાણ છાપવામાં આવેલ હોય તેમ દેખાય છે.

**श्रीमद् देवचंद्र स्तवनावलीः**—સંપાદકઃ શ્રી અગરચંદ નાહટા તથા શ્રી ભંવરલાલ નાહટા. પ્રકાશક શ્રી ભંવરલાલ નાહટા, વ્યવસ્થાપકઃ શ્રીમદ્ દેવચંદ્ર ગ્રંથમાલા. ૪ જગમોહનમલ્લિક લેન. કલકત્તા. ૭. ક્રાઉન ૧૬ પેજી, પૃષ્ઠ ૮૨ મૂલ્ય ૦૧

અધ્યાત્મપ્રેમી શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનું નામ સુવિખ્યાત છે. તેઓશ્રીએ રચેલ વર્ત્તમાન ચોવીશ તીર્થંકરોના ૨૪ સ્તવનો તથા વિહરમાન વીશ જિનના ૨૦ સ્તવનો તેમ જ શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજનું જીવનચરિત્ર આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે.

**શ્રી કલ્યાણકૌતુક કર્ણિકા** : સંપાદક મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ : પ્રકાશક : શ્રી મંગળદાસ માનચંદ–મુંબઈ. પ્રાપ્તિસ્થાન શ્રીમદ્ લાવણ્યસૂરીશ્વરજી જ્ઞાનમંદિર–બોટાદ.

વિધવિધ પૂજાના રચયિતા પં. વીરવિજયજી ગણિવર્યે રચેલ ફુલડા હરિયાળી તથા હરિયાળી, જે આજ સુધી અપ્રગટ હતા તેના ઉપર સંપાદકે ટૂંકું વિવેચન લખીને તેનો સંગ્રહ તેમ જ 'પાંચ ઇન્દ્રિયોનું પરાક્રમ' વગેરે બોધપ્રદ લખાણ આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ છે. પ્રયાસ આવકારદાયક છે.

**સાર વસ્તુસંગ્રહ :** યોજક : મુનિરાજશ્રી માનતુંગવિજયજી મહારાજ. પ્રકાશક : શ્રી માનતુંગ જૈન ભક્તિ બાળસમાજ, દાદાસાહેબ–ભાવનગર.

છૂટાછવાયા હિતોપદેશનો સંગ્રહ સોળ પાનાના આ નાના ટ્રેક્ટમાં કરવામાં આવેલ છે.

થોડાઘણા હિતોપદેશની સાથે સ્વગુણાનુવાદની કંડિકાઓ લગભગ અડધા પૃષ્ઠ જેટલી છે. તે જોતાં આવી ટ્રેક્ટોના પ્રકાશન પાછળ શું આશય રહેલ હશે તે સમજાતું નથી. આ ટ્રેક્ટમાં ભગવાન મહાવીરની પાટપરંપરાનું એક કાવ્ય રજૂ કરવામાં આવેલ છે. પોતાની જાતને ભગવાંનની પાટે ગમે તે રીતે ગોઠવી દેવા પહેલાં તેની ઐતિહાસિક ગંભીરતાનો વિચાર કરવામાં આવે તો વધારે સારું. બાળજીવો માટે કેટલોક સંગ્રહ એકંદર સારો છે.

---

પ્રસન્ન કરનારી માધુરી પાછળ વેડફાતું હોય છે. આમ એ વેડફાતા ધનને પણ સન્માર્ગે ખરચ્યાનો ગર્વ લેતો હોય છે. અનાસક્તિનું તો એનામાં નામ કે નિશાન હોતું નથી. અજ્ઞાની ઘણીવાર અનાસક્તિની કે લાલસા છોડવાની વાતો પણ કરતો હોય છે... પરંતુ એની એ વાતો કેવળ બીજાને છેતરવા માટેની જ હોય છે.

જ્ઞાનીનો માર્ગ એથી જુદો જ હોય છે. કામ, આસક્તિ અને લાલસાને તો તે જીવનનું મોટામાં મોટું દૂષણ માનતો હોય છે–એનાથી દૂરનો દૂર રહે છે.

અજ્ઞાનીના લોભનો કદી અંત આવતો નથી. એ જેટલું મેળવે છે તેટલું તેને ઓછું જ લાગે છે અને વધુ ને વધુ મેળવવા માટે મથતો જ રહે છે.

જ્ઞાનીનો પ્રયત્ન પોતાની પાસે જે કંઇ હોય તે સઘળું છોડવાનો હોય છે...એને પોતાના શરીરનો કે પોતાની કોઇ પણ ચીજનો ય લોભ હોતો નથી કારણ કે તેની અંતરદૃષ્ટિ જોતી હોય છે કે કોઇ પણ વસ્તુ મારી હતી નહી, છે નહી અને થવાની નથી.

આ રીતે કોયલ અને કાગની માફક રંગે, રૂપે જ્ઞાની અને અજ્ઞાની સમાન હોવા છતાં તેઓમાં આસમાન જમીનનું અંતર હોય છે.

જેમ કોયલ અને કાગ વાણીથી પરખાય છે...
તેમ અજ્ઞાની અને જ્ઞાની દૃષ્ટિથી પરખાય છે.

(તા. ૧૭–૧૨–૫૫નો અગ્રલેખ) "જય હિન્દ"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# જ્ઞાની અને અજ્ઞાની

કોયલ અને કાગડાના રંગમાં કોઈ ફરક નથી. બન્ને શ્યામ છે...પરંતુ એના ગુણનો પરિચય તો એ બંનેની જમાતમાં રહેલો છે.

એ જ રીતે રૂપે, રંગે અને વાને જ્ઞાની અને અજ્ઞાની બંને સમાન હોય છે.

પરંતુ વાણીમાં કોયલ સમક્ષ કાગડો સાવ કંગાલ જ હોય છે એ રીતે દૃષ્ટિમાં જ્ઞાની આગળ અજ્ઞાની સાવ બિચારો હોય છે.

અજ્ઞાની અને જ્ઞાનીનું પારખું "દૃષ્ટિ" માં રહેલું છે.

અજ્ઞાની પાસે બહારની સમૃદ્ધિ અને જમાવટ ગમે તેટલી હોય પરંતુ અંતરની સમૃદ્ધિમાં તો તે સાવ ભીખારી જ હોય છે.

માન, અપમાન, અભિમાન, ક્રોધ. વૈર, કામ, લાલસા, લોભ વગેરે વૃત્તિઓ પર જ્ઞાની વિજય મેળવે છે અને અજ્ઞાની એનો ગુલામ બનેલો હોય છે.

અજ્ઞાનીને માનની તીવ્ર ભૂખ જાગે છે। જ્ઞાની માનની પરવા જ કરતો નથી. એના ચરણમાં માન તો રગદોળાતું હોય છે, જ્યારે અજ્ઞાની એની પાછળ મથતો હોય છે.

જ્ઞાની દાન આપે છે ત્યારે તેના બદલાની કોઈ અપેક્ષા જ રાખતો જ નથી. અજ્ઞાની ઘણીવાર જ્ઞાની કરતાંયે બહુ વિશાળ દાન કરતો હોય છે પરંતુ તેના ના પાછળ કેવળ કીર્તિની, પ્રતિષ્ઠાની અને પ્રશંસાની લાલસા સળગતી હોય છે.

અજ્ઞાની અપમાન કદી પણ સહી શકતો નથી. જેમ નાગને છંછેડાતા વાર લાગતી નથી જ્યારે જ્ઞાની અપમાનને હસતા હસતા પી જાય છે, પચાવી જાય છે.—મીરાએ હસતા હસતા વિષનો પ્યાલો પચાવ્યો તેમ.

અજ્ઞાની અભિમાનનો પાલક શ્વાન બનેલો હોય છે. થોડીક સત્તા મળે ને તે ધરતીથી અદ્ધર ચાલતો હોય છે. નજીવો અધિકાર મળે ને તે તેની આંખોના ખૂણા લાલ બની જતા હોય છે.

જ્યારે જ્ઞાની જેમ જેમ સમૃદ્ધ બનતો જાય છે તેમ તેમ વધારે વિનમ્ર બનતો જાય છે. આંબા પર કેરી આવે તેમ આંબાની ડાળ નીચી નમે છે એ રીતે જ્ઞાની અભિમાનની ધૂણી ધખાવીને વધારે નીચો નમતો હોય છે.

અજ્ઞાનીને વાતવાતમાં ક્રોધ આવી જતો હોય છે. કદાચ કોઈ તેને હિતવાણી કહે તો પણ તે સહી શકતો નથી, એનું ધાર્યું ન થાય તો તરત તેનાં રૂવાંડાં ઊભા થઈ જતાં હોય છે.

જ્યારે જ્ઞાનીના અંતરમાં રહેલો ક્ષમાભાવ કોઈ પણ કાળે ક્રોધને પાસે જ આવવા દેતો નથી. કોઈ પણ કારણે જ્ઞાની ક્રોધ કરવા તૈયાર થતો જ નથી. પોતાના ગમે તેવા નુકશાનને તે પોતાના કર્મનું ફળ જ માને છે અને સમભાવી રહે છે.

અજ્ઞાનીના અંતરમાં ક્ષમા કે સમભાવ જેવી કોઈ સંપત્તિ હોતી જ નથી એટલે તે અવારનવાર ક્રોધવશ થતો રહે છે.

જ્ઞાની કોઈ પણ પ્રાણી પરત્વે વૈરભાવ રાખતો નથી. એ અંતરદૃષ્ટિથી મથતો હોય છે કે વૈરભાવ રાખવાથી હું જ નીચે પટકાવાનો છું.

પરંતુ અજ્ઞાની પાસે અંતરદૃષ્ટિનો અભાવ હોવાથી તે વૈર માટે ભરચક પ્રયત્ન કરી વાળે છે. એની સત્તા આડે કોઈ આવ્યું હોય કે એના સ્વાર્થ વચ્ચે કોઈ અજાણતા આવી ચડયું હોય, તો અજ્ઞાની એનો બદલો લેવા માટે આકાશપાતાળ એક કરી નાખે છે.

જ્ઞાની સઘળું ઇશ્વર પર અથવા કર્મ પર છોડે છે...અજ્ઞાની પોતે જ કર્તા બની જતો હોય છે. પોતે જ ન્યાયાધીશ બની જતો હોય છે, પોતે જ પોતાને સર્વશ્રેષ્ઠ માનીને વચ્ચે આવનારાઓને કચરી નાખવામાં ગૌરવ લેતો હોય છે.

અજ્ઞાનીની દરેક પ્રવૃત્તિ પાછળ કામ, લાલસા અને આસક્તિને પોષવાની જ વૃત્તિ રહેલી હોય છે. એનું ધન ચિત્તના શૃંગાર પાછળ અને નયન પલ્લવને

( આગળ ટાઈટલ પેજ ત્રીજા પર )

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઈ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only